# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 11 • PAGES : 28 • MUMBAI • DATE : 05TH JANUARY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


રાષ્ટ્ર સંત પ.પૂ. આ.ભ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપા,
તપ ચક્રવર્તી, જૈન શાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ
પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની
પ.પૂ. વિદુષી સાધ્વીશ્રી પૂષ્પાશ્રીજી મ.સા.ના સુશિષ્યા

## બા. બ્ર. પ.પૂ. સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા.

જન્મ સ્થળ :
ચાંદા (ચંદ્રપૂરી)
તા. ૯-૧૦-૧૯૪૨
દશેરા, વિ.સં. ૧૯૯૯
(આસો સુદ ૧૦)



શુભ દીક્ષા સ્થળ : લાયજા
શુભ દીક્ષા દીન :
તા. ૨૨-૧-૧૯૫૯
વિ.સં. ૨૦૧૫
(પોષ સુદ ૧૩)

ગુરૂ જ્ઞાન છે,
ગુરૂ સન્માન છે,
ગુરૂ બુધ્ધ છે,
ગુરૂ મહાવીર છે,
ગુરૂ સદબુધ્ધિ છે,
ગુરૂ વિદ્યા છે.

ગુરૂ માતા છે,
ગુરૂ પિતા છે,
ગુરૂ જ્ઞાની છે,
ગુરૂ સરસ્વતી છે,
ગુરૂ મંદિર છે,
ગુરૂ મોક્ષ છે.

### તસ્મૈ શ્રી ગુરવૈ નમઃ

અચલગચ્છમાં ચારૂ વાણીએ, જૈન ધર્મ નો જય કાર કરે,
હર્ષ થી સૌમ્ય ચંદ્ર સમ બની, અર્હમ્ નું ધ્યાન સદાય ધરે,
ત્યાગ કરી, વિતરાગ બનવા, શિવ-ચૈત્ય પ્રતિ પગલા ભરે,
હંસાવલીશ્રીજી ગુરૂદેવ ને, દીક્ષા દીને ''આણંદ પરિવાર'' ભાવે નમે.

**હૃદયના બાગ સમાન શિષ્ય પરિવારના અગણિત વંદન...**

આણંદ પરિવાર, કચ્છ ગામ તેરા ના સર્વે પરિવાર જનો,
નિયાણીઓના કુટુંબીજનો તથા સર્વે ભક્ત પરિવાર તરફથી
દીર્ઘ સંયમી પ.પૂ. સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. ને હૃદયના ઉત્કૃષ્ટ ભાવોથી
**વંદન - વંદન - વંદન સહ મત્થેણવંદામી...**

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા**
**શ્રી મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની**
**વર્ષ ૨૦૨૦-૨૦૨૫ સુધીની મુદત માટે ચુંટણીના**
**સર્વે ઉમેદવારોની અનુમોદના તથા વિજેતા ઉમેદવારોને**

# હાર્દિક અભિનંદન

તા. ૨૨-૧૨-૨૦૧૯ના રોજ યોજાયેલ બન્ને પ્રતિષ્ઠિત સંસ્થાઓની ચુંટણીમાં જ્ઞાતિ ઉત્કર્ષના ઉમદા વિચારને હૃદયમાં રાખી ખેલદિલીપૂર્વક, લોકશાહી ઢબે ચુંટણીમાં ઝુકાવનારા સર્વે ઉમેદવારોની ખૂબ ખૂબ અનુમોદના. તથા ચુંટણીમાં વિજેતા થયેલા ઉમેદવારોને અભિનંદન સહ વધુ ઉત્તમ જ્ઞાતિસેવા માટે પ્રભુ તેમને શક્તિ અને સામર્થ્ય આપે એવી શુભેચ્છા. જ્ઞાતિની એકતા અને મહતામાં સવિશેષ વૃધ્ધિ થાય એવા પ્રયાસો બળવત્તર બને એવી અભિલાષા....

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ**
**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ**


# NIRMITEE DANCE CLASS

## DANCE TRAINING AT YOUR DOOR STEP

- 6 years onward all age group.
- Exclusively for females and girls.
- Free style dance on Bollywood Songs.
- Special attention on stamina building, Coordination, grace & expressions.
- Doable Steps as per age & Capacity.



DANCE CLASSES

DANCE WORKSHOPS

PERSONAL AND GROUP DANCE TUITIONS

DANCE HOME TUITION

CALL / WHATSAPP : 99309 94186 • EMAIL : kadambari.khona@gmail.com

MENTOR - KADAMBARI KHONA

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૧**
**Date : 05-01-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*ઈ.સ. ૨૦૨૦ના પ્રારંભે આપણે નવા વર્ષને તથા મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટની નવી ચુંટાયેલી ટીમને સહર્ષ વધાવીએ. મને આશા છે કે નવું વર્ષ અને નવી ટીમ બન્ને આપણી જ્ઞાતિમાં પ્રકાશ તથા આનંદનું વાતાવરણ લઈને આવશે.*

*મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીના પરિણામોએ ઘણી બધી નવી વાતો જ્ઞાતિ સમક્ષ લાવી આપી છે. બધા જ મહિલા ઉમેદવારો વિજયી બન્યા છે તથા કેટલાક નવા મહિલા ઉમેદવારોએ અનેક જૂના આગેવાનોથી પણ વધુ મત પ્રાપ્ત કર્યા છે. પ્રશ્ન એ થાય છે કે આપણી જ્ઞાતિને શું જોઈએ છે ? ટકાવારીની દૃષ્ટિએ ફક્ત ૪૩% જેટલું ખૂબજ ઓછું મતદાન થયું છે. કદાચ અનંત યુવા શક્તિ પૅનલ જ ચુંટાઈ આવશે એવી મતદારોની માનસિકતા પણ ઓછા મતદાન માટે જવાબદાર હોય. ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે શ્રી અનંતનાથજી ટ્રસ્ટના પ્રથમ ત્રણ વિજેતા ઉમેદવારોને ૪૨૦૦ થી વધુ મત મળ્યા જ્યારે ૪થા વિજેતા ઉમેદવારને ૩૪૦૦ મત મળ્યા છે. આ નોંધનીય ફેરફાર શું દર્શાવે છે ?*

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ૧૧માંથી ૧૦ ટ્રસ્ટીઓ તરીકે તથા મુંબઈ મહાજનના ૪૪માંથી ૪૦ સભ્યો તરીકે અનંત યુવા શક્તિના ઉમેદવારો ચુંટાઈ આવ્યા છે એટલે ઈ.સ. ૨૦૨૦ થી ઈ.સ. ૨૦૨૫ માટે મુંબઈ મહાજનના પ્રમુખ અનંત યુવા શક્તિ પૅનલના ઉમેદવારોમાંથી જ બનશે.*

*આ ચુંટણીમાં આપણી જ્ઞાતિમાં મોટા પ્રમાણમાં મતભેદો દેખાઈ આવ્યા. હાલાર વિસ્તારના ઉમેદવારો સ્વતંત્ર રીતે ચુંટણી લડ્યા હતા. તેઓ અનંત યુવા શક્તિ પૅનલમાં જોડાયા ન હતા. મહાજનના કો-ઑપ્ટ સભ્યો તરીકે હાલાર વિસ્તારના પ્રતિનિધિઓને સ્થાન આપી મતભેદોને દૂર કરવા જોઈએ. નવી ચુંટાયેલી કમિટી પ્રથમ મિટીંગમાં સાત (૭) કો-ઑપ્ટ સભ્યોની નિયુક્તી કરે છે એટલે જ્ઞાતિને સાથે રાખવા આ નિર્ણય લેવાય એવી શક્યતા છે.*

*અનંત યુવા શક્તિ પૅનલ દ્વારા ચુંટણીના મેનિફેસ્ટોમાં અનેક વચનો આપવામાં આવ્યા છે. મને ખાત્રી છે કે આ યુવા ટીમ એ માટે આવશ્યક કામગીરી હાથ ધરશે. સમગ્ર જ્ઞાતિ આ બન્ને સંસ્થાઓની નવી યુવા ટીમ પાસેથી આશા રાખે છે કે તેઓ કાર્યશીલ બની આવશ્યક પ્રકલ્પો તથા કાર્યોની પૂર્ણતા માટે જરૂરી કામગીરી હાથ ધરશે. હાલની ટીમે કોઈ મજબૂત માળખાકીય કાર્ય કર્યું નથી તેથી બધી રીતે વિકાસ થયો નથી.*

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની ચુંટણીમાં મતદાનની વ્યવસ્થા ખૂબજ સરસ હતી. મતદારોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવતું હતું અને મતદાન માટે મોટી લાઈન પણ નહોતી. યુવા સ્વયંસેવકો મતદારોની કોઈપણ તકલીફ તરતજ દૂર કરવા તત્પર રહેતા હતા. જે ફક્ત ટીમ વર્કને કારણે જ શક્ય બન્યુ હતું. પ્રકાશ સમીક્ષાના તંત્રી મંડળે આ વખતે આ ચુંટણીને સુંદર રીતે સફળ બનાવનારા બધાજ સ્વયંસેવકોની ઉત્તમ કામગીરીની નોંધ લઈ તેમની નામાવલી આ અંકમાં પ્રસિદ્ધ કરી છે. સાથે સાથે ચુંટણી કમિશનર તથા ચુંટણી અધિકારીઓના પરિશ્રમની પણ સરાહનીય કામગીરી બદલ અભિનંદન આપું છું.*

## ‘પ્રકાશ-સમીક્ષા’ પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*અન્ય જ્ઞાતિઓમાંથી કે.ડી.ઓ. યુવકને પરણીને જ્ઞાતિની સભ્ય બનેલી યુવતીઓએ ફોર્મ ભર્યા હતા. ડેક્લેરેશન આપેલા અને મહાજનના લાગા પણ ભર્યા હોવા છતા એફીડેવીટ રજુ નહોતી કરી તેથી તેમને મતદાન કરવા નહોતું અપાયું. લાગા લીધા પછી મહાજન તેમને મતદાન કરવા કેમ નકારી શકે ? આશા છે કે ચુંટણી કમિશનર તેમના રિપોર્ટમાં આ અંગે ખૂલાસો કરશે.*

*પ્રકાશ સમીક્ષા દ્વારા તા. ૨૩-૧૨-૨૦૧૯ના ઈ-વિશેષાંક પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં બન્ને સંસ્થાઓના વિજેતા ઉમેદવારોના ફોટોગ્રાફ્સ તથા ચુંટણીના ક્ષણચિત્રો મુકવામાં આવેલા. ઈ-વિશેષાંકને માહિતીસભર બનાવવા શ્રી ઉદયન શાહ, શ્રી મુકેશ ભવાનજી શાહ (લોડાયા), શ્રી કેસરસિંહ ખોના અને પ્રફુલ જોષીએ જહેમત ઉઠાવી હતી. પ્રકાશ સમીક્ષાના આ ત્વરિત હાથ ધરાયેલા ઈ-ઈશ્યુની મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ સરાહના કરી હતી.*

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની નવનિર્વાચિત ટીમને સફળતા માટે શુભકામનાઓ.*


**– *હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

**ACCOMMODATION**

Accommodation facility available to JAIN students at MALAD EAST.

Stay, Tea, Lunch, Dinner facility @ Rs. 3,000/- Per Month. Proof of Jain community must. Please Contact :
Nitin Shah - 9222265499 / 9029006499
Coat & Locker for every student.
Each Room 4 Student.

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## વાચકોના પ્રતિભાવો

– સોમ ધરમશી, 97267 76627

સ્નેહી શ્રી હિરાચંદભાઈ દંડ, જય જિનેન્દ્ર,

પ્રકાશ સમીક્ષાની E-આવૃત્તિ નેટ ઉપર જોઈ. તાજેતરમાં યોજાયેલ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તેમજ શ્રી મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના ચુંટાયેલા ઉમેદવારોનો કલર પેજમાં ફોટા સાથે પ્રાપ્ત મત દ્વારા પરીચય કરાવવા બદલ આનંદ થયો. નવી ટેકનોલોજીનો ઉપયોગ કર્યાથી વિશેષ આનંદ થયો.

તમે જ્યારથી પ્રકાશ સમીક્ષાના તંત્રી પદની ધુરા સંભાળી છે, પ્રકાશ સમીક્ષાને એક રંગેબેરંગી આભા મળી છે. શ્રી મુકેશભાઈ લોડાયા ''ચિંતન ગ્રાફિક્સ'' જેમણે પ્રકાશ સમીક્ષાને નવા વાઘા પહેરાવ્યા છે તે પણ અભિનંદનના આભારી છે. *''સાચે જ દશા દિશા બદલી રહ્યા છે.''*

શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણી સાથે કેટલાક નવા ચહેરા આપણી જ્ઞાતિના અતિ મહત્ત્વના ટ્રસ્ટના તેમજ મહાજનની જવાબદારીઓ પ્રથમ વખતે જ સંભાળશે. જો કે તેમાના કેટલાક આવા મહત્વના પદ પર અન્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અને તેથી ટ્રસ્ટ વિશેની જાણકારી, જવાબદારી તેમજ સુચારૂ વ્યવસ્થા માટેનો અભ્યાસ અને અનુભવતો હશે જ. પણ નવા બિનઅનુભવી ચહેરાઓનું શું ???

ઈ.સ. ૨૦૧૪માં ''મોદી સરકાર'' આવ્યા બાદ આવકવેરાના ટ્રસ્ટ અને સોસાયટીને લગતા કાયદાઓમાં ઘણા ફેરફાર આવ્યા છે. અને તે અટપટા છે, આ ફેરફારોની જાણ ઘણા ટ્રસ્ટીઓને કે અન્ય સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા વ્યક્તિઓને નથી જેવા કે..-

(૧) કોઈપણ ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટી કે પદાધિકારી નિમાય કે ટ્રસ્ટની કોઈ મહત્ત્વની બાબતમાં ફેરબદલ થાય ''Change Report'' ટ્રસ્ટની નોંધણી ઓફિસમાં જમા કરાવવો ફરજીયાત છે. (૨) આવકવેરા ધારામાં ધારા ૧૨(અ)એ હેઠળ પંજીકરણ કરાવવું આવશ્યક છે. (૩) ટ્રસ્ટ કે સંસ્થાને મળતા સ્વૈચ્છિક દાનની મર્યાદાઓમાં પણ ઘણા ફેરફાર આવ્યા છે, અને યોગ્ય સમજણપૂર્વક યોજના કરવામાં ન આવે તો શરતચુકના કારણે ટ્રસ્ટીઓને પણ ભોગવવાનો વારો આવે તેમ છે.

આપણા કચ્છ અને દેશાવરના ઘણા ટ્રસ્ટો સુષુપ્ત અવસ્થામાં છે અને અટપટા ફેરફારોથી જાણકાર નથી. જ્ઞાતિનો પાછલો ઈતિહાસ તપાસીએ તો ઘણા ટ્રસ્ટોને કે ટ્રસ્ટીઓને કોર્ટમાં નાહકનાં ધક્કા ખાવા પડ્યા છે અને ટ્રસ્ટો વિકાસના બદલે વિનાશના માર્ગે ગયા છે.

**આ પરિસ્થિતિનો ઉકેલ શું ???**

આપ પોતે મારી જાણકારી મુજબ સી.એ. છો તેમજ એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. કેટલાક સમયથી જ્ઞાતિની સેવાભાવી સંસ્થાઓ તેમજ રોટરી ઈન્ટરનેશનલની સભ્ય એવી રોટરી કલબમાં જોડાઈ સેવાનાં અભિયાન દ્વારા અનુભવનું ભાથું બાંધ્યું છે. હાલમાં અરિહંત બેંકના ચેરમેન પદ પર બિરાજમાન છો અને જ્ઞાતિના એક માત્ર વિશ્વશનીય પાક્ષિક-પ્રકાશ સમીક્ષાના તંત્રીની ધુરા સંભાળો છો.

પ્રકાશ સમીક્ષા દ્વારા જો આપની આગેવાની હેઠળ એક દિવસીય સેમિનારનું આયોજન કરી જ્ઞાતિના ટ્રસ્ટોના ટ્રસ્ટી, સંસ્થાઓના અધિકારી કે મહાજનોના પદાધિકારીની જાણ અને સમજણ માટે જ્ઞાતિની આવી સંસ્થાઓ કાયદાની ચુંગાલમાં ન ફસાય તેની તકેદારી લઈ શકાય તેમજ ટ્રસ્ટી અને પદાધિકારીઓને તેમના હક્ક અને જવાબદારીથી અવગત કરી શકાય.

જ્ઞાતિમાં ઉત્તમ કક્ષાનાં ચાર્ટડ એકાઉન્ટન્સ તેમજ બાહોશ વકીલોની કમી નથી. એમને વિનંતી કરતા તેઓ જ્ઞાતિ હિતના આ યજ્ઞમાં પોતાની સેવાની અંજલી જરૂરથી આપશે. આવા કાર્યક્રમના આયોજન માટે ''**સ્પોન્સરશીપ**'' મેળવવા માટે જ્ઞાતિમાં દાનવીરોની ખોટ નથી.

**ફક્ત બિલાડીના ગળે ઘંટ બાંધવાનો છે !!!**

આશા રાખુ આ દિશામાં જ્ઞાતિના વિકાસમાં રસ લેતું આપનું પાક્ષિક-**પ્રકાશ** પાડશે- આવા કાર્યક્રમનું પ્રથમ આયોજન મુંબઈમાં થયું તો એની **સમીક્ષા** કરી આપણી જ્ઞાતિના અન્ય એકમો પણ પોતાના ક્ષેત્રમાં આવા આયોજન કરવા આગળ આવશે.

આશા રાખુ છું કે પ્રકાશ સમીક્ષાના ઈતિહાસમાં ઉપરોક્ત આયોજન સુર્વણ અક્ષરે લખાયેલા પાનાનો ઉમેરો કરશે.

---

તા. ૨૦-૧૨-૧૯ ના અંકમાં પ્રવિણ લોડાયા વડોદરાનો લેખ''આ અબ લૌટ ચલે'' ખૂબ ગમ્યો. કોઇ સારા કામમા સંજોગોવશાત આપણે સહભાગી ન થઈ શકતા હોઇએ તો એની અનુમોદના કરી બીજા સહભાગી થવાનો વિચાર કરતા હોય એમના વીચારને બળ તો જરૂર આપી શકીએ. તો આપની અનુમોદનાની ખૂબ ખૂબ અનુમોદના. સમાજના વૃધ્ધોએ જ શા માટે ? યુવાનોએ પણ વિચારવા જેવી વાત છે.

**– મણિકાંત મોતા**

સંવત ૨૦૭૬ | || શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ || | || શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ||



# શ્રી ક. દ. ઓ. તેકુલાધુ નિયાણી-તેરા

કચ્છ તેરા, તા. અબડાસા, કચ્છ. ● ફોન: ૯૩૨૪૦ ૨૮૯૩૨/ ૭૨૦૮૨ ૯૮૦૮૧



## ૧૬૨મી અને ૧૯૯ની ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવ

આદરણીય સ્નેહી સ્વજન,

તેરા તીર્થ સ્વરૂપ જિનાલયની ધ્વજારોહણના માંગલીક પ્રસંગ **મહા સુદ ૩ને સોમવાર, તા. ૨૭-૦૧-૨૦૨૦**ના ભવ્યાતિભવ્ય **ત્રિહાન્હિકા મહોત્સવ** આપણા માદરે વતન તેરા ગામના ખુશનુમા શિયાળાની ગુલાબી ઠંડીમાં સરળ સ્વભાવી **પ.પૂ. મુક્તિરત્નસાગરજી મ.સા.**, તેરા રત્ન **પ.પૂ. સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સા. શ્રી જયધર્મોશ્રીજી મ.સા.** આદિ ઠાણાની પાવન નિશ્રામાં આનંદ ઉમંગ અને ઉત્સાહથી ઉજવણી થશે. આ વર્ષનો **ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવ**નો લાભ **શ્રી ક. દ. ઓ. તે. કુ. લા. ધુ.ની તેરા ગામની નિયાણી બહેનોને** પ્રાપ્ત થયો છે.

આ ત્રિહાન્હિકા ધ્વજા મહોત્સવમાં આપ સૌ ગામવાસી, ટ્રસ્ટીઓ, નિયાણી બહેનો કુટુંબ સહિત સર્વે ઉપસ્થિતિ રહે એવી નિયાણી બહેનોની ખરા હૃદયપૂર્વક વિનંતી. શ્રી ક. દ. ઓ. તે. કુ. લા. ધુ.ની નિયાણી બહેનોએ પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી તે બદલ એમનો ખૂબ ખૂબ અનુમોદના. ભવિષ્યમાં ફરી પણ આવો જ સાથ-સહકાર આપવા વિનંતી.

### ત્રિહાન્હિકા મહોત્સવની રૂપરેખા

**પ્રથમ દિવસ: મહા સુદ ૩ સોમવાર, તા. ૨૭-૧-૨૦૨૦**

સવારના ૯.૦૦ ક. : સ્નાત્ર મહોત્સવ
બપોરના ૨.૩૦ ક. : શ્રી પાર્શ્વકલ્યાણક પૂજા
રાત્રી ૮.૩૦ ક. : રાત્રી ભાવના-પખાવાજ મંડળ

**દ્વિતીય દિવસ: મહા સુદ ૪ મંગળવાર, તા. ૨૮-૧-૨૦૨૦**

સવારના ૮.૩૦ ક. : અઢાર અભિષેક સંગીતમય
બપોરના ૨.૩૦ ક. : વડીલ વંદના
રાત્રી ૮.૩૦ ક. : રાત્રી ભાવના-હાઉઝી સંગીતમય સુરેશ સોની ના સથવારે

**તૃતીય દિવસ: મહા સુદ ૫ બુધવાર, તા. ૨૯-૧-૨૦૨૦**

સવારના ૮.૩૦ ક. : સત્તર ભેદી પૂજા
બપોરના ૧૨.૩૯ ક. : ધ્વજા રોહણ

વધુ વિગત માટે સંપર્ક: લીલાબેન મણીલાલ ધરમશી - ૭૨૦૮૨ ૯૮૦૮૧ ● લત્તાબેન કિરીટ ફુરૂવા - ૯૩૨૪૦ ૨૮૯૩૨

UPASANA-9820167767



*With Best Compliments from*

## BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

**PARSHWANATH**
ENTERPRISE PVT. LTD.

✆ 99309 82061 / 91672 44022

tilakshah60@yahoo.co.in

✆ Veeran Shah - 99304 75442



CONTACT FOR
**Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.**

AVANI YASHWIN

**HAPPY IN THE HEAD STUDIO**
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

✆ 98196 22325

happyintheheadstudio@gmail.com



ADDRESS
**Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050**

## કવિશ્રી રતિલાલ શીવજી 'રશ્મિન' ખોનાની ચિરવિદાય



પાંચ દાયકાઓથી પણ વિશેષ સમય સુધી વિવિધ કવિતાઓના રચયિતા કવિ રતિલાલ શીવજી ખોના 'રશ્મિન' ખોના (ઉપનામ)નું તેરા તા. ૧૨-૨૦૧૯ના મુંબઇમાં નિધન થયું તે સાથે જ્ઞાતિએ એક સંવેદનશીલ સર્જક ગુમાવ્યો છે અને તેમની આ કાવ્યસફરમાં સંપર્કમાં આવનાર મિત્રો, સંબંધીઓ અને જ્ઞાતિજનોએ એક સરળ સ્વભાવી નિખાલસ અને નિરાડંબર સ્નેહીજનની ખોટ અનુભવી છે.

તેમનાં કાવ્યોમાં મહદંશે કચ્છી ભાષીય રચનાઓનો સમાવેશ થતો હતો જેમાં જ્ઞાતિ અને જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે જે જે નર શ્રેષ્ઠીઓ, પોતાના આગવા નેતૃત્વથી જ્ઞાતિને અન્ય સમાજોમાં ગૌરવ પ્રદાન કરનાર મહાનુભાવો અને દેશ-દેશાવરોના આગલી હરોળના સામાજિક કર્મજ્ઞો ને વ્યક્તિ વિશેષોની પ્રશસ્તિ સભર જીવનગાથાઓનો સમાવેશ થતો હતો.

આ ઉપરાંત, જ્ઞાતિ ઇતિહાસમાં ચિર સ્મરણીય અનેકાનેક જિનાલય - તીર્થોનાં નિર્માણ, યાત્રા સંઘો, સંસ્થા સ્થાપનાઓ, પ્રતિષ્ઠા મહોત્સવો, ઉજવણીઓ, જ્ઞાતિ મેળા - મેળાવડા, સંમેલનો વિષે પણ તેમણે માહીતપ્રદ કૃતિઓની સરળ પ્રવાહિત શૈલીમાં રચના કરી હતી.

તેમની પાસે, જ્ઞાતિની તવારીખ, અનેક અગત્ય - મહત્વની ઘટનાઓ અને વ્યક્તિત્વોની વિષયવાર ગોઠવેલી નોંધો અને છાપા - પુસ્તકોનાં પૃષ્ઠ અંશો સંગ્રહિત થયેલા હતા.

તેમના પ્રકાશિત થયેલા પુસ્તકોમાં -
**૧) રશ્મીન જો રણકાર ૨) શ્રી પદમે લાગુ પાય**
**૩) શ્રી પદમ પ્રકાશ ૪) શ્રી નમામિ માતા રત્ને**
**૫) ધન્ય દશેંજી નાત** નો ખાસ ઉલ્લેખ કરી શકાય.

પ્રકાશ સમીક્ષાએ તેમની અનેક કવિતાઓને છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન અવારનવાર પ્રકાશિત કરીને કવિને સવિશેષ પ્રોત્સાહીત કર્યા હતા.

પ્રકાશ સમીક્ષા સમિતિ તેમનાં કુટુંબીજનો પરત્વે ઊંડી સહાનૂભૂતિ પ્રદર્શિત કરવાની સાથે સદ્ગતના આત્માને ચિર શાતા-શાંતિ મળે તેવી અભ્યર્થના વ્યક્ત કરે છે.

# મંજલ રેલડિયા

**શ્રી કચ્છ મંજલ રેલડિયા ક.દ.ઓ. જૈન મહાજનના સભ્યો તેમજ નિયાણી બહેનો જોગ**

## ખાસ વિનંતી

**સરનામા અને મોબાઇલ નંબર મોકલવા બાબત**

નવું સરનામા રજીસ્ટર તૈયાર કરવાનું હોવાથી નીચેની વિગતો તાત્કાલીક નીચે લખેલ સરનામા ઉપર કુરીયર / પોસ્ટ અથવા Whatsapp નં. 9702036330 ઉપર મોકલવા વિનંતી.

**કુટુંબના વડાનું પુર્ણ નામ :**
**વસ્તી પત્રક નંબર :**
**મોબાઇલ નં. :**

કુટુંબમાં સંખ્યા પુરૂષ ☐ સ્ત્રી ☐ બાળકો ☐
અને સરનામું પોસ્ટલ કોડ નંબર સાથે મોકલવું.

સંપર્ક : **હુકમચંદ જવેરચંદ ધરમશી**
3B/૩૦૧, ગ્રીન એકર્સ, લોખંડવાલા કોમ્પલેક્ષ,
અંધેરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૩.
મો.નં.: 97020 36330

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મસ્જિદબંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪
આયોજીત

# ૮૦મો સમૂહ લગ્ન મહોત્સવ

**(મુંબઈ મુકામે)**

**વૈશાખ વદ ૧૧ રવિવાર, તા. ૧૭-૦૫-૨૦૨૦**

## લગ્નમાં જોડાવવા ઈચ્છુકે

તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.

**કાર્યાલય સમય :**
સોમવાર થી શનિવાર
બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી

## શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ
## તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર તરફથી

**૧૫ મી વર્ષગાંઠ ધ્વજારોહણ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

સંઘના સર્વે ભાઇઓ - બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જીનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની ૧૫ મી વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૬ ના મહા વદ ૧૪ શનીવાર તા. ૨૨/૨/૨૦૨૦ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.

**ધ્વજારોહણ અ. સૌ. સંગીતા - રાજેશ દંડ ના પૌત્ર ચિ. પીહાન પ્રીયા-વીરલ દંડ તેમજ અ. સૌ. નીતા - વીજય લોડાયા ની પૌત્રી ચિ. માયરા જીનલ-મોનિક લોડાયાના હસ્તે કરવામાં આવશે.**

આ ધ્વજા મહોત્સવનો ૨ દિવસીય કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

**તા. ૨૧/૨/૨૦૨૦ શુક્રવાર :**

ભરૂડીયા મુકામે આગમન, અઠાર અભિષેક, જાહેરપીરદાદાની ધ્વજા, સાંજે ચોવિહાર

**તા. ૨૨/૨/૨૦૨૦ શનીવાર :**

સવારના ૭.૦૦ કલાકે નવકારશી, સતરભેદી પૂજન અને ધ્વજા આરોહણ વિધી ત્યા સાધર્મિક ભક્તિ.

તો આ પ્રસંગે સર્વે ગામવાસીઓ, બહેનો-દીકરીઓ, જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**
**તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર વતી**
**હસ્તે હેમલતા - મહેન્દ્ર, ઉર્મિલા - અશોક ત્થા સંગીતા - રાજેશ મણીલાલ દંડ ના જય જીનેન્દ્ર**

---

## ક.દ.ઓ. પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનો જોગ
**(ગોએરસમા, રંગપુર, બાયઠ, બારોઇ, લુણી, કુમરા)**

ગોરંગ બાલુડો પોલડીયા પરિવારો દ્વારા કચ્છ ઘણીયાણી કચ્છ કુળદેવી મા આશાપુરા માતાજીની અગીયારમી પહેડીનું રવિવાર તા. ૯-૨-૨૦૨૦ના રોજ મુલુંડ મુકામે આયોજન કરવામાં આવેલ છે.

તો આ પ્રસંગે છ એ છ ગામોના પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનોને પહેડીમાં સહકુટુંબ પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

**સ્થળ : ફ્રેન્ડસ એજ્યુકેશન કોઓપરેટીવ સ્કુલ, મુલુંડ**
૫૫૪/ડી, એલ.બી.એસ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

સવારના ૮.૦૦ કલાકે ફ્રેન્ડસ સ્કુલના પ્રાગંણથી પૂજ્ય આશાપુરા માતાજીની શોભાયાત્રા લાભાર્થી પરિવાર તથા નિયાણી બહેનોના સથવારે વાજતે ગાજતે શરૂ થશે. તો સૌ પોલડીયા પરિવારો તથા નિયાણી બહેનો સહકુટુંબ સમયસર પધારશોજી.

**પહેડીના લાભાર્થી પરિવાર : શા. દામજી શામજી પોલડીયા સમસ્ત પરિવાર (ગોએરસમા-નાસિક-ભુસાવલ) તથા ગોએરસમાની નિયાણી બહેનો**

એજ લી. ગૌરંગ બાલુડો પોલડીયા પરિવાર સમિતિના જય માતાજી

---

|| શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||



## શ્રી સુથરી જૈન સંઘ
### આગોતરૂ આમંત્રણ



**સુથરી મહાતીર્થની ૧૮૧મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ**

| મહોત્સવની રૂપરેખા | |
|---|---|
| તા. ૨૮-૦૪-૨૦૨૦<br>વૈશાખ સુદ ૬ મંગળવાર | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા |
| તા. ૨૯-૦૪-૨૦૨૦<br>વૈશાખ સુદ ૭ બુધવાર | ૧૮ અભિષેક પૂજન |
| તા. ૩૦-૦૪-૨૦૨૦<br>વૈશાખ સુદ ૮ ગુરૂવાર | સત્તરભેદી પૂજા તથા<br>શ્રી ઘૃતકલ્લોલ દાદાની ધ્વજા રોહણ |

કચ્છ જવા-આવવાની સ્લીપર ક્લાસની ટિકિટના દાતા :

**માતુશ્રી હીરાબાઇ હંશરાજ મોમાયા પરિવાર**
**(સુથરી - ઘાટકોપર)**

શ્રી સુથરી મહાતીર્થ ખાતે આગમન થયેથી ટિકિટની ઝેરોક્ષ કોપી સામે રકમ આપને ચુકવી આપવામાં આવશે.
આપના આગમનની જાણ કરવા વિનંતી.

સુથરી, તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૪૯૦. ફોન : ૦૨૮૩૧-૨૮૪૨૨૩

## હિમતે મર્દા તો મદદે ખુદા




આપણા ઘણા બધા યુવાન વાચકો 'આર્યન મેન' અને 'હાફ આર્યન મેન' બિરૂદોથી પરિચિત હશે. તાજેતરમાં મને 'હાફ આર્યન મેન' કે.ડી.ઓ. શ્રી લલીત લક્ષ્મીદાસ દામજી શાહ (ધરમશી) છાડુરા હાલે હૈદરાબાદ વાલાની ટેલિફોનિક મુલાકાતનો મોકો મળ્યો.

શ્રી લલિતભાઇનો જન્મ અને ઉછેર સાંગલીમાં થયો અને કૉલેજનું શિક્ષણ પણ સાંગલીમાં લીધું. તેઓ ઇ.સ. ૧૯૯૬માં વધુ સારી તકો માટે યુ.એસ.એ. ગયા અને ત્યાં ઇ.સ. ૨૦૧૨ સુધી રહ્યા. તેમનો દેશપ્રેમ તેમને ભારત પાછા લાવ્યો અને હાલમાં તેઓ હૈદરાબાદ ખાતે સ્થાયી છે અને આંતરરાષ્ટ્રીય સંસ્થા બ્રીજ ઇન્ટરનેશનલ એકેડેમીમાં ગ્લોબલ આઇ.ટી. હેડ તરીકે કાર્યરત છે.

શ્રી લલીતભાઇએ ઇ.સ. ૨૦૦૭થી મેરેથોનમાં રસ લેવાનું શરૂ કર્યું. તેમણે ન્યુયોર્ક ખાતે લોંગ આઇલેન્ડમાં હાફ મેરેથોનમાં ભાગ લીધો તે પછી તેઓ સાઇકલીંગ તથા સ્વીમીંગમાં પણ રસ ધરાવતા થયા. આ ત્રણેય બાબતો તેમને 'હાફ આર્યન મેન' સ્પર્ધા તરફ લઇ ગઇ. તેમણે ૩ વાર ન્યુયોર્કમાં અને ૭ વાર ભારતમાં હાફ મેરેથોન પૂરી કરી છે.

'હાફ આર્યન મેન' નું બિરૂદ મેળવવા માટે ૧૦ કલાકમાં ૧.૯ કિ.મી. સ્વીમીંગ, ૯૦ કિ.મી. સાઇકલીંગ તથા ૨૧.૧ કિ.મી. રનીંગ પુરૂં કરવાનું હોય છે. લલિતભાઇએ તા. ૧૦-૧૧-૨૦૧૯ના આ ચેલેંજ પુરી કરી અને 'હાફ આર્યન મેન' બન્યા. આ સ્પર્ધાનું આયોજન ધી ગ્રેટ હૈદરાબાદ એડવેન્ચર ક્લબ દ્વારા કરવામાં આવેલું જેમાં ૬૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો જેમાંથી ૪૪ સ્પર્ધકોએ ત્રણે બાબતો પુરી કરી હતી. લલિતભાઇને પ્રકાશ સમીક્ષા તરફથી ખૂબ ખૂબ અભિનંદન તથા તેઓ ભવિષ્યમાં 'આર્યન મેન' નું બિરૂદ પ્રાપ્ત કરે એવી શુભકામના.

લલિતભાઇનું માનવું છે કે મનુષ્યનું શરીર અમર્યાદિત શક્તિઓ ધરાવે છે. દરેક વ્યક્તિએ માનસિક તથા શારીરીક મર્યાદાની દિવાલને ધક્કો મારી આગળ વધવાનું છે. આ પ્રકારની સ્પર્ધાઓમાં અંત સુધી પહોંચી જનારી વ્યક્તિના મન અને શરીર વચ્ચે લડાઇ શરૂ થાય છે. લલિતભાઇને આવા વિરોધાભાસી અનુભવો ગમે છે તથા તેઓ તેમના મનને શરીર ઉપર વિજય મેળવવા તૈયાર કરે છે.

**– હિરાચંદ દંડ**

---

## પરનાતમાં પરણેલી દિકરીઓ અને વસ્તીપત્રક




આપ સૌ સુવિદિત છો.. એમ આપણી જ્ઞાતિનાં ઘણા બધા કુટુંબની દીકરીઓ બહેનો પરણીને પરજ્ઞાતિમાં આપણી જ્ઞાતિનું ગૌરવ વધારી રહી છે..

આપણા કેડીઓ વસ્તી પત્રક (Kdovp)નું મોબાઇલ એપ્લિકેશન એન્ડ્રોઇડ એપ આ વ્યસ્ત સમયમાં આપણા પરિવારના સભ્યોના જન્મદિવસ, લગ્નતિથિ, મૃત્યુતિથી વગેરેના એડવાન્સ રિમાઇન્ડર આપીને દરેક જણાને એકબીજાની નજીક લાવવા એક મહત્વનો ફાળો આપી રહ્યું છે.

આ વસ્તીપત્રક એપ્લિકેશન કોઈક કારણસર આપણી જ્ઞાતિની બહાર પરણેલી આપણી બહેન દીકરીઓને વાપરવાની અનુમતિ નથી આપી રહ્યો. આપણે લોકો અન્ય જ્ઞાતિમાંથી આવતી દીકરીઓને અપનાવીને મોટું મન રાખી રહ્યા છીએ, પણ કદાચ આપણી દીકરીઓને પરનાતમાં ગયા પછી અપનાવવામાં પાછળ પડી રહ્યા છીએ. જો આ એક નાનકડું પગલું સકારાત્મક રીતે લેવામાં આવે તો આ બહાને આપણી જે બહેન દીકરીઓ પરજ્ઞાતિમાં પરણીને ગઈ છે તેમને પણ પોતાના પરિવાર સાથે નજીકનો સંબંધ સાચવવામાં ઘણી મોટી સહાયતા મળશે. આશા છે કે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, પ્રકાશ સમીક્ષા તથા વસ્તીપત્રક સમિતિ આ બાબતમાં સકારાત્મક પગલાં લઈને ઘટતું કરશે એ જ અભિલાષા સાથે એક વિનમ્ર પ્રયાસ. **– પારસ લહેરચંદ વેલજી મૈશેરી**, લાલા-ભાંડુપ

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

# લાલા - સાંધવ દંડ પરિવારની ગજોડ વાળા દાદાની ૧૧મી પહેડી

**લાલા તથા સાંધવ ગામના દંડ પરિવારો (નિયાણી પરિવાર સહિત)ના શ્રી ગજોડવાલા નાગરાજા સત્તો દાદાની ૧૧મી સમૂહ પહેડી**

**તારીખ : ૯ ફેબ્રુઆરી ૨૦૨૦, રવિવાર**

**સમય : સવારના ૯.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી**

**સ્થળ : આયરિસ (IRIS) બેંકવેટ હોલ,**

પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

## શ્રી ગજોડ વાલા નાગરજા સતો દાદાના નૂતન દેવાલયના નિર્માણના દાતાશ્રીઓ

### મુખ્ય દાતાશ્રીઓ

શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ (સાંધવ)
શ્રીમતી મધુરીબેન નવીન દંડ (વેરાવળ લાલા)
શ્રીમતી મધુબેન હીરાચંદ દંડ (લાલા)
માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ (સાંધવ)
માતુશ્રી દમયંતીબેન મણીલાલ દંડ (લાલા)

### સહયોગી દાતાશ્રીઓ

શ્રીમતી લત્તાબેન સૂર્યકાંત દંડ (લાલા)
માતુશ્રી તેજબાઈ ભવાનજી મૈશેરી (ગોધરા)
શ્રી શાંતિલાલ વિશનજી દંડ (સાંધવ)
શ્રી રાયચંદ નરશી દંડ (સાંધવ)
શ્રી વીરચંદ મેઘજી દંડ (સાંધવ)
માતુશ્રી જ્યોત્સના દામજી નરશી દંડ (સાંધવ)
માતુશ્રી રમીલાબેન કરમશી દંડ (સાંધવ)
માતુશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ (સાંધવ)
શ્રી ઉત્તમ ભવાનજી દંડ (સાંધવ)
શ્રી દિનેશ વિશનજી દંડ (સાંધવ)
માતુશ્રી સોનબાઈ વસનજી દંડ (લાલા)
શ્રી સચિન ઝવેરચંદ દંડ (સાંધવ)
માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ દંડ (સાંધવ)
માતુશ્રી વિમળાબેન ખીમજી દંડ (સાંધવ)
શ્રી નરેશ ટોકરશી દંડ (લાલા)

**સહુ ભાગ્યશાળી દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના તથા આભાર**

**ખાસ નોંધ :** ઉપરોક્ત નામાવલીની ગ્રેનાઈટની તક્તી સ્થાનિકે લગાવાઈ ગઈ છે, જેની નોંધ લેવા વિનંતી.

**જય શ્રી સચ્ચાઈ મા 🙏 જય જય ગજોડવાલા દાદા**

શેઠ શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ)
શેઠ શ્રી સૂર્યકાંત હીરજી દંડ (ઉપપ્રમુખ)

# શ્રી વરાડીયાવાસી મોમાયા પરિવાર

દ્વારા આયોજિત
મોમાઈ માંની ભવ્ય
૨૭મી સમૂહ પહેડી

**શુભ દિન**

સંવત ૨૦૭૬, મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૦૧.૨૦૨૦

**શુભ સ્થળ : ગીતા હોલ**
રેલ્વે સ્ટેશનની બાજુમાં,
ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

શ્રી વરાડીયાના મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૭મી સમૂહ પહેડી વિ.સં. ૨૦૭૬, મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૦૧.૨૦૨૦ના શુભદિને ભાંડુપ (વેસ્ટ) ખાતે હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાશે.

## કાર્યક્રમની રૂપરેખા

સવારે ૭:૩૦ કલાકે : માતાજીને વાજતે-ગાજતે તેડવાનું સ્થળ : ગીતા હોલના ગલ્લીના નાકા પાસેથી રહેશે.
સવારે ૭:૩૦ કલાકે : નવકારશી
સવારે ૮:૩૦ કલાકે : માતાજીને પોંખવાની વિધિ રહેશે.
સવારે ૯:૦૦ કલાકે : શ્રી ગણેશજી સ્થાપના

ઉપરોક્ત દરેક કાર્યક્રમ તથા માતાજીની સુકી પ્રસાદીનો લાભ **શ્રીમતી લીનાબેન મધુકાંત મોમાયા પરિવારે** લીધેલ છે. ભક્તિ ભાવના, માતાજીની આરતી, પહેડી-મહાપ્રસાદનો લાભ આપવા વિનંતી.

સર્વે વરાડીયા મોમાયા પરિવારના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર સમૂહ પહેડીમાં પધારવા તથા મહાપ્રસાદનો લાભ આપવા ભાવભર્યું આમંત્રણ છે. સમયસર પધારી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

નોંધ : પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરવા નહીં.

શ્રી મોમાઇ માતાજીની ધ્વજારોહણ વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૧૫, રવિવાર, તા. ૦૯.૦૨.૨૦૨૦ના શુભ દિવસે નિરધારેલ છે. ધ્વજારોહણના લાભાર્થી : **શ્રી કીર્તિભાઇ ધનજી મોમાયા પરિવાર (ડોંબિવલી).**

નોંધ : ધ્વજારોહણ માટે તા. ૦૭.૦૨.૨૦૨૦ના રોજ સયાજીનગરી એક્સપ્રેસથી પ્રસ્થાન થશે. હજી પણ જે કોઇ ભાવિકોને પધારવાની ભાવના હોય તેઓ પોતાની રીતે ટીકીટો કઢાવી સ્થાનકે પધારી શકે છે. આપના આગમનની આગોતરી જાણ કરવા નમ્ર વિનંતી.


તા. ૦૪.૦૪.૨૦૨૦ના **ભૂવાશ્રીની ગંધી** બદલવાનો પ્રસંગ છે અને તા. ૦૫.૦૪.૨૦૨૦ના **સામૂહિક પહેડી** પ્રસંગ વરાડીયા સ્થાનકે રહેશે. જે ભાવિકોને પધારવાની ભાવના હોય તેઓ વહેલી તકે નામ નોંધાવે જેથી ટીકીટો સમયસર મળી રહે.

**લિ. વરાડીયા મોમાયા પરિવાર વતી**
**ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**


## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઈ મહાજનની ચુંટણી વ્યવસ્થાની સફળતાના સુત્રધારો એવા ચુંટણી અધિકારીઓ તથા તેમના સહાયકોની અનુમોદના



**મુખ્ય ચુંટણી અધિકારી**
**શ્રી ચીમન મેઘજી મોતા**



**પ્રથમ ઉપ ચુંટણી અધિકારી**
**શ્રી ડૉલર પ્રતાપ લોડાયા**



**દ્વિતીય ઉપ ચુંટણી અધિકારી**
**શ્રી રાજીવ જયચંદ લુઠીયા**

### ચુંટણી અધિકારીઓના સહાયકો

**શ્રી કૈલાશ હિરાચંદ ડાઘા** | **શ્રી હિતેશ ભોજરાજ નાગડા** | **શ્રી હેમંત પ્રફુલ શિયાલ**

### મતદાન મથકોના ઈન્ચાર્જ

| ભાંડુપ | ડોંબવલી (ઈસ્ટ) | ડોંબવલી (વેસ્ટ) | ઘાટકોપર |
|---|---|---|---|
| CA દિલીપ હીરજી દંડ | શ્રી હિરેન ખીમજી મૈશેરી | શ્રી ભરત દેવશી ડાઘા | CA પદમભાઇ ઠાકરશી પોલડીયા |
| શ્રી સમીર ચિમનલાલ શાહ | શ્રી ભૌમિક પંકજ શાહ | શ્રી ઉદય કુંવરજી મોતા | CA હિતેશ મણીકાંત ધરમશી |
| શ્રી અમર ભરત ખોના | શ્રી મેહુલ સુર્યકાંત લોડાયા | શ્રી સમીર શામજી દંડ | શ્રી દિનેશ રતનશી મૈશેરી |

| ગોરેગામ | મસ્જિદ બંદર | માટુંગા | મુલુંડ |
|---|---|---|---|
| શ્રી ચેતન માણેકચંદ્ર ખોના | શ્રી વિક્રમ દેવજી પટેલ | શ્રી ઉત્તમ વિશનજી લોડાયા | CA ડાયમંડ અશોક દંડ |
| શ્રી હિરેન ચંદ્રકાંત પોલડીયા | શ્રી અમિત વિનોદ ધુલ્લા | શ્રી દિનેશ લાલજી લોડાયા | શ્રી રાયચંદ દેવશી જીવાણી |
| શ્રી મિલેશ પ્રવિણ મોતા | શ્રી શાંતિલાલ શામજી લોડાયા | શ્રી તેજસ મહેન્દ્ર ખોના | શ્રી રતિલાલ શામજી મોમાયા |

### સ્વયંસેવકોની સેવાને સલામ

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઈ મહાજનની ચુંટણી તા. ૨૨-૧૨-૨૦૧૯ના યોજાઇ હતી ત્યારે ૮ મતદાન મથકો ઉપર સ્વયંસેવક તરીકે ફરજ બજાવનારા જ્ઞાતિજનોને ખૂબજ અભિનંદન સહ અનુમોદના.**

**ભાંડુપ** (ફોટોગ્રાફ પાના નં. ૧૩ ઉપર)

૧. તોરલ મયુર નાગડા
૨. ગીતા ધનજી મોમાયા
૩. પ્રિયા મુકુંદ નાગડા
૪. મિતલ ભાવેશ લોડાયા
૫. પ્રિતી ભાવેશ સોની
૬. તન્વી પરેશ મોતા
૭. રીમા પ્રિન્સ મોતા
૮. જિજ્ઞા ગીરીશ શિયાલ
૯. આશુ ગૌરવ છેડા
૧૦. દિના ફાલ્ગુન ખોના
૧૧. તેજલ મહેશ ધરમશી
૧૨. મહેશ વાલજી ધરમશી
૧૩. ચંદા અશ્વિન મૈશેરી
૧૪. તન્વી પિયુષ મોતા
૧૫. ભાવના અશોક મોમાયા
૧૬. વાસંતી કિર્તી લોડાયા
૧૭. ઉષ્મા અમિત ડાઘા
૧૮. કેતન માણેકજી લોડાયા
૧૯. અલ્પા પ્રકાશ દંડ
૨૦. અંકિત ખોના
૨૧. શીલા રતિલાલ મોમાયા
૨૨. ફોરમ પરેશ ગોસર
૨૩. અર્પણ ફાલ્ગુન ખોના
૨૪. જયશ્રી જયેશ શિયાલ
૨૫. કેતુલ હિરાલાલ લોડાયા
૨૬. નિમેશ તારાચંદ મોતા
૨૭. ટોકરશી ગોવિંદજી ખોના
૨૮. તોરલ અભય ખોના
૨૯. રશ્મી કમલેશ મૈશેરી

**ડોંબિવલી (પૂર્વ)** (ફોટોગ્રાફ પાના નં. ૧૩ ઉપર)

૧. આશા વસંત શાહ
૨. અર્ચના અમીત ખોના
૩. ભાવેશ જ્ઞાનચંદ લોડાયા
૪. ચંદ્રેશ મણીલાલ ખોના
૫. દિપાલી કપીશ મોમાયા
૬. દેવેન્દ્ર હિરજી ધરમશી
૭. ધૈર્ય રમેશ લોડાયા
૮. ધરા અનુજ લોડાયા
૯. ગીરીરાજ ખીમજી લોડાયા
૧૦. ગીરીશ માણેકજી નાગડા
૧૧. જતીન ખુશાલ મોતા
૧૨. જય પ્રતાપ લોડાયા
૧૩. કાજલ ધનરાજ લોડાયા
૧૪. કપીશ કુમારપાલ મોમાયા
૧૫. કવિતા હેમંત ધુલ્લા
૧૬. કવિતા મહેન્દ્ર લાપસીયા
૧૭. કેતન વિશનજી છેડા
૧૮. ખંતીલ વિરચંદ લોડાયા
૧૯. કિરીટ કુંવરજી લોડાયા
૨૦. કૃણાલ જયંત નાગડા
૨૧. કુણાલ શરદ ધરમશી
૨૨. મહેન્દ્ર મેઘજી મોતા
૨૩. મલય મૈશેરી
૨૪. મનીષ પ્રવિણચંદ્ર કાંકણ
૨૫. મનોજ દેવચંદ ખોના
૨૬. મીત પીયુશ લાલકા
૨૭. મેહુલ તારાચંદ મોતા
૨૮. નિતેશ દિનેશ લોડાયા
૨૯. પિયુશ પદમશી મોમાયા
૩૦. પ્રિન્સ વિનીત ધરમશી
૩૧. રીતા ગીરીશ નાગડા
૩૨. રૂચી વીરચંદ લોડાયા
૩૩. રૂપાલી મેહુલ મોતા
૩૪. સંજય મણીલાલ નાગડા
૩૫. ઉદય પુનશી ધરમશી
૩૬. ઉદય રમેશ દંડ
૩૭. વિનય રાયચંદ નાગડા
૩૮. વિશ્વજીત ખીમજી લોડાયા
૩૯. જવેરચંદ કેશવજી લોડાયા

**ડોંબિવલી (પશ્ચિમ)** (ફોટોગ્રાફ પાના નં. ૧૩ ઉપર)

૧. અમીશા જીતેન્દ્ર મોમાયા
૨. ભાવના ભરત મોમાયા
૩. ચેતન લહેરચંદ નાગડા
૪. દર્શના ભરત ડાઘા
૫. ધનિષ્ઠા મનીષ ધરમશી
૬. ધાર્મિક વિનોદ લોડાયા
૭. ગૌરાંગ ગીરીશ મેઘાણી
૮. ગૌતમ નવીનચંદ્ર ધુલ્લા
૯. ગીરીશ ભવાનજી મેઘાણી
૧૦. હેમતં જયંતીલાલ મોતા
૧૧. હેમંત રમેશ ધુલ્લા
૧૨. હિરલ મિથુન જીવાણી
૧૩. જયશ્રી જવેરચંદ ખોના
૧૪. જીતેન્દ્ર બી. ધરમશી
૧૫. કરિશ્મા ચેતન નાગડા
૧૬. મનીષા હરીશ મોમાયા
૧૭. મિથુન રાયચંદ જીવાણી
૧૮. મોનિકા વસંત મોતા
૧૯. મુલચંદ નરશી લોડાયા
૨૦. નેહલ વિકેશ ધરમશી
૨૧. નિલેશ શીવજી મૈશેરી
૨૨. પ્રજ્ઞેશ હિરાચંદ નાગડા
૨૩. રાહુલ હિરાચંદ છેડા
૨૪. રૉબીન ભરત ડાઘા
૨૫. તેજસ ચંદ્રપાલ નાગડા
૨૬. વિપુલ પુનમચંદ સોની

**ઘાટકોપર** (ફોટોગ્રાફ પાના નં. ૧૩ ઉપર)

૧. કિરીટ કુરૂવા
૨. જીતુ લોડાયા
૩. સમીર નાગડા
૪. શૈલેષ શાહ
૫. જયેન્દ્ર ભેદા
૬. જયકાંત મોતા
૭. ચિરાગ નાગડા
૮. હિતેન લોડાયા
૯. હર્ષદ મોમાયા
૧૦. કૌશિક દંડ
૧૧. સમીર શાહ
૧૨. રાજન લોડાયા
૧૩. પ્રકાશ લાલકા
૧૪. દિપક લાલકા
૧૫. હિરેન મોમાયા
૧૬. લીના લોડાયા
૧૭. કવિતા મોતા
૧૮. નેહા છેડા
૧૯. જિનલ લોડાયા
૨૦. પૂર્વી લાલકા
૨૧. નીરજ લોડાયા
૨૨. અમિતા લોડાયા
૨૩. અમી નાગડા
૨૪. માનસી શાહ
૨૫. પ્રિતી મોમાયા
૨૬. રાજેશ મહેશ્વરી
૨૭. કલ્પના મહેશ્વરી
૨૮. જવેરચંદ લાલકા
૨૯. દિનેશ છેડા
૩૦. પ્રિતી ખોના
૩૧. હરીશ મહેશ્વરી
૩૨. નેહુલ છેડા
૩૩. અનિલ ખોના
૩૪. દિપેશ નાગડા
૩૫. હેમીલ દંડ
૩૬. દેવાંગ ધરમશી
૩૭. અજીત શિયાલ
૩૮. ધીરેન ખોના
૩૯. જયેશ ખોના
૪૦. રૂપેન જૈન
૪૧. અરૂણા લોડાયા
૪૨. હર્ષ દંડ
૪૩. રાજ દંડ
૪૪. ફેનીલ પોલડીયા
૪૫. કમલેશ દંડ
૪૬. ચંદ્રેશ લોડાયા




ભાંડુપ

ડોંબિવલી (પૂર્વ)





ડોંબિવલી (પશ્ચિમ)



ગોરેગાવ

ઘાટકોપર



**ગોરેગાંવ** (ફોટોગ્રાફ પાના નં. ૧૩ ઉપર)

૧. ચેતન એમ. ખોના
૨. હિરેન સી. શાહ
૩. મીતેશ પી. મોતા
૪. ભરતભાઈ ગોસર
૫. યોગેશ એચ. મુનવર
૬. કિરન ધુલ્લા
૭. કિર્તીભાઈ કે. દંડ
૮. ચેતન સી. વોરા
૯. ક્રિષ્ણા એસ. કુરૂવા
૧૦. રૂપેન કે. મોતા
૧૧. ધીરેન કે. મોતા
૧૨. મીતેશ બી. લોડાયા
૧૩. મીતેશ સી. વોરા
૧૪. ભરત નાગડા
૧૫. ભરત એચ. ખોના
૧૬. કુ. જીગ્ના પી. લોડાયા
૧૭. સૌ. ગાયત્રી સી. વોરા
૧૮. સૌ. હિનાબેન એ. નાગડા
૧૯. સૌ. સુમન એસ. લાપસીયા
૨૦. કુ. ફાલ્ગુની બી. નાગડા
૨૧. કુ. સલોની બી. નાગડા
૨૨. સૌ. શિલ્પા વી. લોડાયા
૨૩. કુ. પ્રિયલ લોડાયા
૨૪. સૌ. છાયા પી. લાલકા
૨૫. સૌ. દીના બી. મોતા
૨૬. કુ. જીનલ બી. મોતા

**મસ્જિદ બંદર** (ફોટોગ્રાફ પાના નં. ૧૪ ઉપર)

૧. અમીશ એન. મોમાયા
૨. અનિલ એચ. મૈશેરી
૩. ભવ્યા ટી. ધરમશી
૪. ધર્મિન વાય. પટેલ
૫. ધીરેશ યુ. મુનવર
૬. ગજેશ એલ. ડાઘા
૭. હાર્દિક એસ. લોડાયા
૮. હેમ સી. લોડાયા
૯. જતીન એન. લોડાયા
૧૦. કેયુર એન. લાપસીયા
૧૧. ખીરેશ એલ. પટેલ
૧૨. કિરીટ એમ. લોડાયા
૧૩. મિહીર વાય. પટેલ
૧૪. મોનેશ આર. ધરમશી
૧૫. પ્રિયાંક જી. ડાઘા
૧૬. રશ્મિન સી. મોતા
૧૭. રોનીલ એ. મૈશેરી
૧૮. શૈલેષ એસ. લોડાયા
૧૯. શાંતિલાલ કે. લાલકા
૨૦. શાંતિલાલ એસ. લોડાયા
૨૧. વિક્રમ ડી. પટેલ
૨૨. યશ યુ. મોમાયા
૨૩. યોગેશ એલ. પટેલ
૨૪. અવની ડી. નાગડા
૨૫. દિપીકા ડી. નાગડા
૨૬. જાશ્મીન એ. મૈશેરી
૨૭. કાંતાબેન યુ. છેડા
૨૮. ખુશ્બુ શાહ
૨૯. નુતન એન. લાલકા
૩૦. રાજુલ ટી. ધરમશી
૩૧. તરલા એસ. લાલકા
૩૨. ડેલીકા કે. મોમાયા

**માટુંગા** (ફોટોગ્રાફ પાના નં. ૧૪ ઉપર)

૧. અમર ભરત ખોના
૨. અશ્વિન મણિકાંત લોડાયા
૩. ભારતી ઉત્તમ લોડાયા
૪. ધીરેન નવિનચંદ્ર નાગડા
૫. ડાયમંડ અશોક દંડ
૬. દિનેશ લાલજી લોડાયા
૭. હેમલ ચિમનલાલ શિયાલ
૮. જાગૃતિ ધીરેન નાગડા
૯. જયેશ પ્રેમચંદ ખોના
૧૦. કનક જયેશ અજાણી (લોડાયા)
૧૧. કૃપા ડાયમંડ દંડ
૧૨. મયુર દેવશી ધુલ્લા
૧૩. મીના નરેશ નાગડા
૧૪. નરેશ પ્રેમચંદ છેડા
૧૫. નેવીલ ઉત્તમ લોડાયા
૧૬. નિકુંજ નિતીન કુરૂવા
૧૭. પ્રાચી ધીરેન નાગડા
૧૮. રાજવી જયેશ ખોના
૧૯. રોહન રાજેન્દ્ર લાપસીયા
૨૦. સેજલ નેવીલ લોડાયા
૨૧. શ્વેતા મુકુલ લાલકા
૨૨. તેજસ મહેન્દ્ર ખોના
૨૩. ઉત્તમ વિસનજી લોડાયા



**મસ્જિદ બંદર**



**માટુંગા**

**મુલુંડ** (ફોટોગ્રાફ પાના નં. ૧૫ ઉપર)

૧. અંજના કલ્પેશ શાહ
૨. ચૈતાલી નિર્મલ દંડ
૩. કલ્પેશ ખીમજી લોડાયા
૪. મહેશ હંસરાજ દંડ
૫. હંસકુમાર દામજી મૈશેરી
૬. જીગ્નેશ કુંવરજી મોતા
૭. મયુર મણીકાંત ધુલ્લા
૮. રાહુલ પૂનમચંદ મૈશેરી
૯. રોપીન જયચંદ નાગડા
૧૦. પ્રવિણ હીરજી દંડ
૧૧. પ્રેમ ગુલાબ ચુરલા
૧૨. રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
૧૩. તેજસ બંકીમ લાલકા
૧૪. વિજય મેઘજી મોમાયા
૧૫. દીપેન મહેશ્વરી
૧૬. મનોજ જયંતીલાલ ધરમશી
૧૭. જલ્પા બ્રીજેશ નાગડા
૧૮. એકતા ઉદય લોડાયા
૧૯. ગીતા મનોજ ધરમશી
૨૦. હેતા અશોક ધુલ્લા
૨૧. ખંજના મનોજ ધરમશી
૨૨. રૂપાલી હેમંત નાગડા
૨૩. રાની રોપીન નાગડા
૨૪. રીના લાજેશ લોડાયા
૨૫. જલ્પા અમીત ડાગા
૨૬. કલ્પના અશોક શાહ
૨૭. પરેશ રાયચંદ લોડાયા
૨૮. સ્નેહા કે. લોડાયા
૨૯. અજીત માલશી લોડાયા
૩૦. ભરત આણંદજી ખોના
૩૧. ભરત રતીલાલ મૈશેરી
૩૨. ભારતી ડૉલર શાહ
૩૩. છાયા મહેશ દંડ
૩૪. દીપા હિરેન નાગડા
૩૫. દીપક હિરાચંદ મોમાયા
૩૬. ગીરીશ નારાણજી નાગડા
૩૭. હંસા ખોના
૩૮. હીના રાહુલ મૈશેરી
૩૯. હેતલ મયુર શાહ
૪૦. હિનેશ ભવાનજી લોડાયા
૪૧. કાશ્મીરા પ્રેમ ચુરલા
૪૨. કોમલ મેહુલ લોડાયા
૪૩. લહેરચંદ એલ. સોની
૪૪. લાજીતા ભરત ખોના
૪૫. નિતલ હિનેશ લોડાયા
૪૬. નૂતન જીગ્નેશ મોતા
૪૭. નૂતન રાજેન્દ્ર ધુલ્લા
૪૮. પારૂલ યોગેશ ધુલ્લા
૪૯. રેણુકા લલીત લોડાયા
૫૦. વિરાજ મયુર ધુલ્લા
૫૧. આશના મિતેશ લાલકા
૫૨. અલકા ખુશાલ મૈશેરી
૫૩. ચારુલ ગીરીશ નાગડા
૫૪. ફોરમ ઉદય નાગડા
૫૫. હેતલ તુષાર મોતા
૫૬. જયશ્રી નવિન જૈન
૫૭. ક્રીશીતા હિનેશ લોડાયા
૫૮. કુસુમ વિરેન્દ્ર મેપાની
૫૯. લતા ભાગચંદ કારાણી
૬૦.મહેક જીગ્નેશ મોતા
૬૧. મીતેશ જવેરચંદ લાલકા
૬૨. નીલમ ગીરીશ નાગડા
૬૩. પારસ ગોશર
૬૪. પ્રત્યા મીતેશ સોની
૬૫. કલ્પેશ મોતીચંદ લોડાયા
૬૬. મણીલાલ પરાગ ખોના
૬૭. રીતેશ કિશોર ખોના
૬૮. વિજય મૈશેરી
૬૯. અંકીત મૈશેરી
૭૦. રીંકીતા મૈશેરી
૭૧. રાહુલ મેઘજી ધુલ્લા
૭૨. રેખા પરેશ નાગડા
૭૩. મોનીલા પરાગ ખોના
૭૪. લલીત શીવજી લોડાયા
૭૫. પ્રફુલ કલ્યાણજી લોડાયા
૭૬. જીગર રાજેશ લોડાયા
૭૭. નિશાંત સંજય નાગડા
૭૮. પંકજ પદમશી ખોના
૭૯. ડેનીલ લીતીન મોમાયા
૮૦. દ્રીષ્ટી નયન મૈશેરી
૮૧. પંકજ ટોકરશી ધરમશી
૮૨. મીરા પંકજ ધરમશી





મુલુંડ

અનંત લબ્ધિ નિધાન શ્રી. ગૌતમસ્વામીને નમઃ

// ૐ હ્રીઁ શ્રીઁ શંત્રુજ્યતીર્થમંડન શ્રી આદિનાથાય નમઃ //
// ૐ હ્રીઁ શ્રીઁ ચંદ્રપ્રભસ્વામીને નમઃ //
// ગુરુશ્રી ગુણસાગર સૂરયે નમો નમઃ //

અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવ્યૈ નમઃ

卐 શાશ્વતા ગિરિરાજના સાનિધ્યે... શાશ્વતા પર્વના સાયુજ્યે...
શાશ્વતાપદના સામીપ્યે જવાનો સુઅવસર...

**✻ ચૈત્રમાસની ઓળી આરાધના ✻**

| ઓળી પ્રારંભ | ✻ અન્તર પારણા ✻ | ઓળી પૂર્ણાહુતિ |
|---|---|---|
| ચૈત્રસુદ-૭ | ચૈત્ર સુદ-૬- રવિવાર ૨૯/૦૩/૨૦૨૦ | ચૈત્ર સુદ - ૧૫ |
| સોમવાર | ✻ પારણા ✻ | મંગળવાર |
| ૩૦/૦૩/૨૦૨૦ | ચૈત્ર વદ-૧- બુધવાર ૦૮/૦૪/૨૦૨૦ | ૦૭/૦૪/૨૦૨૦ |

→ સિધ્ધક્ષેત્રના દ્વારેથી... સિધ્ધચક્રની આરાધનાથી
સિધ્ધશિલાએ પહોંચવાનો અનુપમ અવસર એટલે
નવપદની સમૂહ ઉપાસના

✻ દિવ્યકૃપાનિધિઃ રાષ્ટ્રસંત, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
સ્વાધ્યાય પ્રેમી શાંતમુર્તિ પ.પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.
શાસનપ્રભાવિકા પ.પૂ.સા.શ્રી વિધુત્પ્રભાશ્રીજી મ.સા.

✻ અનુપમ આશિષ નિધિઃ તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

✻ અંતર આશીષ નિધિઃ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
જ્યોતિષાચાર્યઃ- પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
આગમદિવાકરઃ-પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

✻ નિશ્રા સૌભાગ્ય નિધિઃ આત્માનંદી પ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા
✻ પરમ અવસર નિધિઃ તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતી
પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના **૫૩ માં**
**વરસીતપની** અનુમોદનાર્થે... એવમ્
"ગુરૂદેવની કરીએ અભિવંદના
સંયમ ષષ્ઠી વર્ષની કરીએ અનુમોદના..."

અધ્યાત્મનંદી પ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.ની **સંયમ ષષ્ઠીપૂર્તિ** તથા
સદાનંદી પ.પૂ.સા.શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ની **સંયમ ષષ્ઠી પ્રવેશની** હાર્દિક અનુમોદના નિમિતે...

✻ પાવન પ્રેરણા નિધિઃ- પૂ.યશોદયશ્રીજી મ.સા. તથા અમારા પરીવાર રત્ના પૂ.મુકિતરત્નાશ્રીજી મ.સા.
✻ ઉપકાર સ્મૃતિ નિધિઃ-(ઓળીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર)
સ્વ. રતનબાઈ જયચંદ લુઠીયા ના આત્મશ્રેયાર્થે
હ.જયચંદ કલ્યાણજી લુઠીયા પરિવાર- રવા (મુલુન્ડ)
સ્વ. કુંવરજી જેઠાભાઈ ખોના ના આત્મશ્રેયાર્થે
હ. માતુશ્રી નલીનીબેન કુંવરજી ખોના પરિવાર- સુથરી (મુલુન્ડ)

✻ આરાધના સ્થળઃ- શ્રી. નરશી નાથા જૈન ધર્મશાળા, ભીડભંજન રોડ, પાલીતાણા, સૌરાષ્ટ્ર, ગુજરાત-૩૬૪૨૭૦.

## શ્રી ગિરીરાજ ના ઉત્સંગે, ગુરુરાજ ના સંગે
## આયંબિલ તપના રંગે, ચાલો કરીએ નવપદ ઓળી હૈયાના ઉમંગે...

નિશ્રા : **પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિ. પૂ. સા. શ્રી મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા**

(ચૈત્ર સુદ ૬ રવિવાર તા. ૨૯-૦૩-૨૦૨૦ થી ચૈત્ર વદ ૧ બુધવાર તા. ૦૮-૦૪-૨૦૨૦ સુધી)

**આરાધક પ્રવેશ ફોર્મ**

નામ : ______________________ ઉમર : __________

ગામ : ______________________ મોબાઇલ નં. __________

હાલનું સરનામું : ______________________

______________________

કઇ વિશિષ્ટ આરાધના કરવા ઇચ્છો છો ?

પૌષધ : ______________ મૌન : ______________

વર્ણ પ્રમાણે દ્રવ્ય : ______________ દેશાવગાસિક સામાયિક : ______________

પહેલાં કોઇ તીર્થમાં સમુહ ઓળી કરી છે ? ______________ ક્યાં ? __________

હાલમાં કોઇ બિમારી છે ? ______________________

આરાધકની સહી __________

● ફોર્મ પરત કરવાની તા. ૨૬-૦૧-૨૦૨૦. ● સજોડે આવવાના હો તો બન્ને ફોર્મ પીન કરીને એકસાથે મોકલવા. ● મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ફોર્મ વહેલો તે પહેલોના ધોરણે સ્વીકાર કરવામાં આવશે. તા. ૨૬-૦૧-૨૦૨૦ બાદ ફોર્મ અસ્વીકાર્ય છે. ● આરાધકોએ ફોર્મ ભરીને શ્રી નરશી નાથા જૈન ધર્મશાળા, ભીડભંજન રોડ, પાલીતાણા, સૌરાષ્ટ્ર, ગુજરાત - ૩૬૪૨૭૦ના સરનામે ''નવપદ ઓળી આરાધના'' લખીને મોકલવાના રહેશે.

## ચૈત્ર ઓળીનો નવતર નઝારો.....

❖ શ્રીપાલ - મયણા (સજોડે આવનાર)ને અગ્રતાક્રમ
❖ વર્ણ પ્રમાણે આયંબિલમાં દ્રવ્ય વાપરનારને અગ્રતાક્રમ
❖ ૩૬ પ્રહરીય (૯ દિવસ - દિવસના) પૌષધ કરનારને અગ્રતાક્રમ
❖ ૭૨ પ્રહરીય મૌનની સાધના કરનારને અગ્રતાક્રમ
❖ ૯ દિવસ - દેશાવગાસિક (૧૦ સામાયિક) કરનારને અગ્રતાક્રમ
❖ નવપદ વર્ધમાન તપના આરાધકોને અગ્રતાક્રમ

**-:: વિશેષ સુચનો ::-**

- આરાધકે પૂજા - સામાયિક - પૌષધના જરૂરી ઉપકરણો સાથે લાવવા (સિધ્ધચક્ર યંત્ર પુસ્તક હોય તો સાથે લાવવા).
- આરાધકોને આવવા - જવાની ટિકિટ (જનરલ રીઝર્વેશન કોચ)ના રૂપિયા પારણાના દિવસે આપવામાં આવશે.
- વ્યવસ્થાપકો અને કાર્યકર્તાઓની દરેક સૂચનાઓનો અમલ કરવો જરૂરી છે.
- દરેક આરાધનામાં હાજરી અનિવાર્ય છે.
- મોબાઇલનો રાતના ૯.૩૦ સુધી ત્યાગ કરવાનો રહેશે.
- દરરોજ શક્ય હોય તો વર્ણ પ્રમાણેના વસ્ત્રો પરિધાન કરવાના રહેશે. બહેનોએ ભારતીય પોષાક (સાડી - ચણિયાચોળી) અનિવાર્ય છે.
- વરસીતપ જેવા એકાંતરા ઉપવાસવાળા તપના તપસ્વીઓના ફોર્મ અસ્વીકાર્ય છે. સળંગ આયંબિલ જરૂરી છે.
- જેના ફોર્મ પાસ થયેલ હશે તેને જ ૧૫ ફેબ્રુઆરી સુધી જાણ કરવામાં આવશે. ફોન ન આવનાર આરાધકે પુછપરછ કરવી નહીં.

**વિશેષ માહિતી માટે સંપર્ક સૂત્ર**

| | | | |
|---|---|---|---|
| અવનીબેન | - 70212 03604 | રાજવીબેન | - 99256 92996 |
| કલ્પના બેન | - 99208 28921 | રમેશભાઇ લોડાયા | - 98920 03940 |

# શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ

**સ્થાનિક કાર્યાલય :** સેવક ભરૂડિયા, પો. દલતુંગી, જી. જામનગર - ૩૬૧ ૨૮૦.
**મુંબઈ કાર્યાલય :** C/o. ખુશ્બુ ડાયકેમ પ્રા. લિ., ગાલા નં. ૯૯, ન્યુ યુનીક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, જવાહર ટોકીઝનો સામે, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : 2593 9696
Email : sevakbharudiyatrust@gmail.in • Website : www.sevakbharudiyatrust.in

## ૧૪ મી વાર્ષિક સામાન્ય સભા

જય જિનેન્દ્ર,

આપણા સંઘની **૧૪મી વાર્ષિક સામાન્ય સભા તા. ૦૯-૦૨-૨૦૨૦**ના નીચે દર્શાવેલ સ્થળે રાખવામાં આવેલ છે. જેમાં નીચે જણાવેલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## એજેન્ડા

૧) ગત સામાન્ય સભાની મીનીટ્સનું વાંચન તથા તેને બહાલી.
૨) વર્ષ ૨૦૧૮ - ૨૦૧૯ ના ઓડીટેડ હિસાબને મંજુરી આપવી.
૩) વર્ષ ૨૦૧૯ - ૨૦૨૦ માટે ઓડીટરની નિમણુંક કરવી.
૪) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**નોંધ :** કોરમના અભાવે જો સભા મુલતવી રાખવી પડે તો અડધા કલાક પછી એજ સ્થળે સભા પાછી મળશે. તેમાં હાજર રહેલ સભ્યોની કોરમ ગણાશે. તથા તેની કાર્યવાહી કાયદેસર ગણાશે.

### : સભાનું સ્થળ :

**શેઠ શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ,**
દેવપુંજ, શિશુકુંજ હૉલની પાછળ, વાલજી લધાભાઈ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

### : સભાનું સમય :

બપોરે ૩.૦૦ થી ૭.૦૦ કલાકે

**ચા અને અલ્પાહારની વ્યવસ્થા છે.**

શ્રી સંઘના હિસાબના ચોપડા અને ઓડિટ રિપોર્ટ જોવા તા. ૦૩-૦૨-૨૦૨૦ થી તા. ૦૫-૦૨-૨૦૨૦ દરમ્યાન બપોરે ૪.૦૦ થી ૬.૦૦ વચ્ચે મુંબઈ કાર્યાલયમાં જોઈ શકાશે. આપણા સંઘની વેબસાઈટ www.sevakbharudiyatrust.in ઉપર મુકવામાં પણ આવેલ છે. તો સભ્યો ત્યા પણ જોઈ શકે છે.

## નમ્ર નિવેદન

આપણા દેરાસરના વાર્ષિક સાધારણના નકરા (તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૧) દરેકના રૂા. ૧૧૦૦૦/- પ્રમાણે નીચે મુજબ છે. (૧) વાસક્ષેપ પૂજા (૨) પક્ષાલ પૂજા (૩) અંગલુછણા (૪) ચંદન પૂજા (૫) ફૂલ પૂજા (૬) ધુપ પૂજા (૭) દીપક પૂજા વહેલા તે પહેલા ના ધોરણે મુંબઈ કાર્યાલયે નામ લખાવવા વિનંતી.

આપણા ગામે શ્રી આદિનાથ દાદાના જિનાલયે ચૌદમી ધજા લહેરાઈ. પ્રથમ તીર્થંકર ભગવંત દેવાધિદેવ શ્રી આદિનાથ દાદાના દેવવિમાન તુલ્ય સાધારણ જિનાલયની ચૌદમી ધજા મહાવદ ચૌદશ ને તા. ૦૪-૦૩-૨૦૧૯ના દિવસે ધ્વજાના કાયમી દાતા પરિવાર **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર** ના હસ્તે લહેરાઈ.

આ ધ્વજારોહણનો મંગલમય પ્રસંગ સરસ રીતે અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજાવિધિ સાથે મંત્રૌચ્ચાર પૂર્વક તેમજ પધારેલ પરિવારના સભ્ય ગામવાસી તથા આમંત્રિત મહેમાનો સહ ૧૦૦ જણની હાજરીમાં ખૂબજ ઉલ્લાસ, ઉમંગથી અને સાધર્મિક ભક્તિ સાથે ઉજવાયો.

**નોંધ :** આગામી પંદરમી ધ્વજાનો પાવન દિવસ તા. ૨૨-૦૨-૨૦૨૦ને શનીવારના નિર્ધારિલ છે. તો ફરીથી સહુને બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**એજ લી. શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**

## નવલ સદ્ગુણા ધ્યાનમંદિર – દેવલાલી

સામાન્યતાથી બધી જગ્યાએ તમને જિનાલય શબ્દ પ્રયોગ જોવા મળશે જ્યારે અહિ દેવલાલી જિનાલયમાં ધ્યાનાલય શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. એની પાછળ ગહન રહસ્ય સમાયેલું છે... જીવને શિવ બનાવનાર સાધના જિનના આલંબનથી પ્રારંભ થાય છે. જીવ પ્રથમ આલંબન ધ્યાનમાં પ્રવેશે છે. આલંબન સહિતના આ ધ્યાનમાં જિન પ્રતિમા એક શ્રેષ્ઠ આલંબન છે. આત્મ સિધ્ધિ અને આત્મ શુધ્ધિના એ સ્વામિ છે. જિનના ધ્યાનથી જિન બનવાની પ્રક્રિયામાં આ સ્થાન અદ્ભૂત ઉર્જા પૂરનાર બને છે... સહાયક બનવાની ક્ષમતા ધરાવે છે. જિનના આલંબને ધ્યાનમાં સહજતાથી પ્રવેશ થઇ સાધક સાધનાના માર્ગે સડસડાટ આગળ વધે છે. આત્માનુભૂતિ – આત્મસાક્ષાત્કાર પામે છે. આવા ધ્યાન મંદિરને ધ્યાનાલયના નામે ઓળખવાથી સ્થાનનું સાચું ગૌરવ જળવાઇ રહે છે.

**– પૂ. ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.**

## તીર્થો તથા જિનાલયોની વર્ષગાંઠ

દેવલાલી દેરાસર પોષ વદ ૩ તા. ૧૨-૧-૨૦૨૦

## પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.

પ.પૂ. સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૬૦ વર્ષ પૂરા થયા તેની ભૂરી ભૂરી અનુમોદના.

માત્ર ૧૬ વર્ષની કુમળી વયે પ.પૂ. વિદુષી સુસાધ્વીશ્રી પુષ્પાશ્રી મ.સા.ની નિશ્રામાં લાયજા ગામે દીક્ષા ગ્રહણ કરી ધર્મ આરાધના અને શ્રાવક શ્રાવિકાઓને ધર્મ માર્ગે દઢ રાખવામાં અતુલ્ય ફાળો આપ્યો છે.

સંયમ જીવન દરમિયાન આઠ શિષ્યા અને પ્રશિષ્યા ઉપરાંત આઠથી વધુ શ્રાવિકાઓને સંયમ ગ્રહણ કરવા પ્રેરણારૂપ બન્યા છે. અનુમોદના સહિત કોટિ કોટિ વંદન.


# ALIBAUG

- **WEEKEND HOME**
- **2BHK APARTMENT**

AVAILABLE RIGHT ON THE BEACH SIDE

**FOR OUTINGS WITH FAMILIES & FRIENDS.**

FOR BOOKINGS & ENQUIRIES

CALL : **98675 84877**


## પ્રો. ડૉ. મહિમા મોહિત હિરાચંદ દંડ (MDS) તેરા-ધારવાડને હાર્દિક અભિનંદન




તા. ૨૯-૧૨-૨૦૧૯ ના નવી દિલ્હી ખાતે ડેન્ટલ એકડેમિક એક્સલેન્સ એવોર્ડ-૨૦૧૯ પ્રાપ્ત થયો છે. તેઓ ડેન્ટલ કાઉન્સીલ ઑફ ઇન્ડિયાના સભ્ય પણ છે.

## પ્લાસ્ટીક સર્જ્યન ડૉ. દક્ષેસ રાયચંદ લોડાયા (શાહ)ની સર્જરી ક્ષેત્રે મહત્વપૂર્ણ સિધ્ધિ



ડૉ. ભીમરાવ આંબેડકર હૉસ્પિટલ – ભિલાઇ માં એક ૩૦ વર્ષીય મહિલાના ફેફસામાં પડેલા છિદ્રને પ્લાસ્ટીક સર્જરીથી ભરી આપવાની 'થોરેકોમાયોપ્લાસ્ટી' નામની સર્જરી ડૉ. દક્ષેસ શાહે સફળતાપૂર્વક કરી હતી. આ સર્જરીમાં હાર્ટ-ચેસ્ટ-વેસ્ક્યુલર સર્જન ડૉ. કૃષ્ણકાંત શાહુ તથા ડૉ. નિશાંત ચંદલે હૃદય અને ફેફસાની સારવાર કરી હતી. તત્પશ્ચાત ડૉ. દક્ષેસ શાહે ફેફસાના છિદ્રને બંધ કરવા વિશેષ સર્જરી હાથ ધરી હતી. દર્દી મહિલાને રાહતરૂપ આ સર્જરી કરનારા ડૉ. દક્ષેસ શાહ (લોડાયા) – મોટી સિંધોડીના મૂળ વતની છે. ત્રણ વર્ષ પહેલા એક કર્મચારીના હાથની કપાયેલી આંગળીઓ પણ તેમણે જોડેલી હતી જે સમાચાર પણ પ્રકાશ સમીક્ષાએ પ્રસિધ્ધ કર્યા હતા. મેડિકલ ક્ષેત્રે વિશેષ યોગ્યતા ધરાવતા ડૉ. દક્ષેસભાઇને અભિનંદન.

## નોકરી મેળવવા અંગે

જે યુવાનો નોકરીની શોધમાં હોય તેમણે શ્રી જેઠાલાલ ભાણજી દંડ (સાંધવ) ડોંબીવલીનો મો. 9226704703 ઉપર સંપર્ક સાધવો.


## શ્રી મહાવીર એમ્બ્રોઈડરી

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.

સોમવાર બંધ

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

*રૂડી ને રસીલી સુથરી તારી ભોમકા રે લોલ, એવા રૂડા તે દાદા તારા દરબાર જો*
*એવા અણગાર અમારા ગૌતમકુમાર જો, સોહે શોભે તેના રૂડા વરસીદાનના વરઘોડા રે લોલ*
*રૂડી ને રસીલી સુથરી તારી ભોમકા રે લોલ*

**સુથરી મહાતીર્થમાં ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો.**
**માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર માં આનંદ આનંદ છવાયો.**

દીક્ષા એટલે પાપોનું પ્રાયશ્ચિત અને આત્માનું શુદ્ધિકરણ કરવાનું ઉત્તમ રસાયણ....

પરમ પુણ્યોદયે માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવારના મહા પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે આજથી ૪૫ વર્ષ પૂર્વે એમના સુપુત્રી (સંસારી નામ મીઠીબાઈ) પ.પૂ. મહાયશાશ્રીજી મ.સા.ના સંયમ જીવનની અનુમોદના કરવાનો રૂડો અવસર શ્રી સુથરી મહાતીર્થે ઉજવાયો. એ સાથે એ જ પરિવારના કુળદીપક અને માતુશ્રી તારામતી મણીલાલ લોડાયાના પૌત્ર તથા અ.સૌ. હિનાબેન નરીશ મણીલાલ લોડાયાના લાડકવાયા લાલ

## ॥ વૈરાગી શ્રી ગૌતમકુમાર ॥

તા. ૮-૧૨-૨૦૧૯ ના રોજ સુથરી મુકામે મહા પ્રભાવક શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની છત્ર છાયામાં ભારત દિવાકર રાષ્ટ્ર સંત પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો તથા પૂ. મહત્તરા સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.આદિ વિશાળ શ્રમણીવૃંદ, શ્રી સુથરી જૈન સંઘ સહ કચ્છના ૫૨-૭૨ મહાજનો, જ્ઞાતિજનો, દાતાઓ, મુમુક્ષુના સ્વજનો સગા-સંબંધીઓની વિશાલ હાજરીમાં દીક્ષા મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો.

આ મહાન પ્રસંગે અમારા પરિવારના કુળદિપક ગૌતમકુમાર સુ-સંયમી પ.પૂ. મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે મુનિશ્રી ગુર્વોદયસાગરજી મ.સા. ના નામે નામધારી થયા.

આ પ્રસંગની ઉજવણીમાં કોઈને ક્યાંય પણ પ્રતિકુળતા અગવડ થઈ હોય તે બદલ ક્ષમા-યાચના. આપ સહુએ પ્રસંગમાં પધારી સમગ્ર વાતાવરણને ચાર ચાંદ લગાડ્યા અને મુમુક્ષુ દીક્ષાર્થીને હૃદયપૂર્વકના આશિષ આપ્યા તે બદલ સકલ સંઘનો અંતઃકરણ પૂર્વક આભાર.... સાજન મહાજન, આમંત્રિત મહેમાનોની અનુમોદનાની અભિવ્યક્તિ.

## ''સંયમ જીવનને પ્રમાણિત કરનાર પ્રક્રિયા કે જેનું નામ - વડી દીક્ષા''

નુતન દિક્ષીત મુનિ શ્રી પ.પૂ. પ્રશમોદયસાગરજી મ.સા. અને પ.પૂ. મુનીશ્રી ગુર્વોદયસાગરજીએ હાલમાં જ સંયમજીવન અંગીકાર કરેલ તેમની વડી દીક્ષા પોષ વદ ૯ ને શનિવાર તા. ૧૮-૦૧-૨૦૨૦ના સુ સવારે ૮.૧૫ કલાકે યશોધન વર્ધમાન ૭૨ જિનાલય મધ્યે અંગીકાર કરશે. વડી દીક્ષા પ્રદાતા તપચક્ર ચક્રવર્તી અચલ-ગચ્છાધિપતિ પ.પૂ.આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીની શુભ નિશ્રામાં થશે તો આપ સહુને પધારવા ભાવભર્યુ આમંત્રણ.

સહુ સગા સંબંધીઓ તથા શ્રી સુથરી જૈન સંઘના જ્ઞાતીજનો વડી-દીક્ષા પ્રસંગે અવશ્ય હાજરી આપી બન્ને નુતન દિક્ષીતોને હૃદયપૂર્વકના આશિષ આપવા પધારશોજી.

**માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર**
**માતુશ્રી તારામતી મણીલાલ પદમશી લોડાયા પરિવાર ના જયજિનેન્દ્ર**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી નરદે રણશી ધરમશી (સેવક ભરૂડીયા, પાલીતાણા, કોઠારા) પરિવાર

કુળદેવી શ્રી સખત માતાજીની ૮મી સમૂહ પહેડી રવિવાર તા. ૦૯-૦૨-૨૦૨૦ના સવારના ૮.૦૦ થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી રોટરી ક્લબ હૉલ, સુવિધીનાથ દેરાસરની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ), મુકામે યોજેલ છે.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

પાર્શ્વનાથ પરમાત્માની પોષ દશમની આરાધના વિરાજીત પ.પૂ. સા. કલ્પપૂર્ણાશ્રીજી મ. સા. આ.ઠા. ૩ની પાવન નિશ્રામાં ઉજવવામાં આવી. પહેલાં દિવસે "શ્રી જગવલ્લભ પાર્શ્વનાથની સ્નાત્રપૂજા "જેમાં જે ભાવિકો દેરાસરમાં કાજા કાઢવાનુ, અષ્ટપ્રકારી પૂજા, પ્રતિક્રમણ, ગાથા ગોખવાનુ, પ્રદિક્ષણા આદિ નિયમ લિધા અને કુસુમાન્જલીનું લાભ માણ્યું. બીજા દિવસે શ્રી પાર્શ્વનાથ જન્માભિષેક મંત્રાધિરાજ સ્રોત અને નમિઉણમ સ્રોત અભિષેક કરવામાં આવ્યો. બપોરે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા અને સાંજે મહાઆરતી કરવામાં આવી.

ત્રીજા દિવસે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું ૨૪ કલાકનું અખંડ જાપ કરવામાં આવ્યો.

### નાંદેડ જૈન સંઘમાં ૨૧ અભિષેક અનુષ્ઠાન

માગસર વદ અમાસ ના સુર્યગ્રહણ તથા સમગૃહ યુતિની શાંતિ અર્થે પૂ. આચાર્ય ભગવંતોના માર્ગદર્શન અનુસાર મુળનાયક શ્રી ચંદ્રપ્રભ સ્વામિ અને શ્રી શાંતિનાથ ભગવાનના ૨૧ અભિષેકનું અનુષ્ઠાન યોજાયેલ હતું. મહિલા મંડળની બહેનો એ ખૂબજ વ્યવસ્થિત રીતે અનુષ્ઠાન કરાવેલ. યુવક મંડળના સભ્યો એ સુંદર સેવા પુરી પાડેલ.

### શ્રી ચોપડા જૈન સંઘ

આગમ દિવાકર પ.પૂ. આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા ૩ જલગાંવથી વિહાર કરતાં ચોપડા પધારતાં અત્રેના શ્રી સંઘે ઉત્સાહભેર સામૈયા કર્યું. સામૈયા બાદ પૂજ્યશ્રીએ મનનીય પ્રવચન આપ્યું.

ત્યારબાદ તિલકચંદ મુલજી લાલકાના અમૃત મહોત્સવ નિમિત્તે તેમના પરિવાર તરફથી આયોજિત સિરિપદ આપનાર શ્રી સિધ્ધચક્ર મહાપૂજનમાં નિશ્રા પ્રદાન કરી. ૨ દિવસ ચોપડામાં પ્રવચન આપી. તા. ૩૧ તથા ૧ જાન્યુઆરી અમલનેર થઇ તા. ૨ થી ૭ સુધી ધરણગામમાં સ્થિરતા કરશે. ત્યાં તા. ૭ ના જિનાલયની ધ્વજારોહણ પૂજ્યશ્રીની નિશ્રામાં થશે. તા. ૯ થી ૨૨ સુધી પારોલા તીર્થમાં સ્થિરતા કરશે. તા. ૨૬ થી ૧ ફેબ્રુઆરી સુધી ચાલીસગામમાં કુ. મોનિકાબેન મહેન્દ્રભાઈની દીક્ષા નિમિત્તે સ્થિરતા રહેશે.

### શ્રી ભુજપુર સ્થાને મહાકાલી મંદિરે ધ્વજા ઉત્સવ

શ્રી ભુજપુર સ્થાને ૪૪મી સાલગીરી ધ્વજા ઉત્સવ મહાસુદ ૧૨ બુધવાર તા. ૫-૨-૨૦૨૦ સવારના ૮ મૂર્તિના અભિષેક, બપોરના ભગવતી પૂજન. ગુરૂવાર ૬-૨-૨૦૨૦ સવારના નવગ્રહ અને દશદિકપાલ પૂજન, ત્રણ શિખરની ૩ ધ્વજા મંદિરમાં ત્રણ દેરીઓની ત્રણ ધ્વજા ચુંદડી અલંકાર. બપોરના ઘંટાકર્ણ મહાવીર દેવ પૂજન-હવન થી ઉજવાશે. લાભ લેવા ઇચ્છતા ભાવિકો યતિશ્રી : ૯૯૬૯૧૮૪૩૭૭ પાસેથી જાણકારી મેળવશો.

### સાંયરા ગામે અચલગચ્છાધિપતિનું સ્વાગત

તપસ્વી રત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. શ્રમણ-શ્રમણી વૃંદ સહનું સાંયરા જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય તા. ૧૦-૧૨-૨૦૧૯ના સામૈયું કરવામાં આવેલ. શ્રાવિકાઓ સારી સંખ્યામાં જોડાયા હતા.

કચ્છી ઢોલ, ગહુંલી, સાફા ધારી શ્રાવકો, આકર્ષક બેડા સાથે બાંધણીમાં સજ્જ શ્રાવિકાઓ સામૈયાનું મુખ્ય


Exclusive Embroidery & Upto date Finishing

Sachi Jari Mate Real Nam

ज्योति

SILK SAREE EMPORIUM

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976

આકર્ષણ બન્યા હતા. સામૈયામાં સુથરી, કોઠારા, વારાપધર સંઘો સાથે રાજેશ મોમાયા, દિનેશ પટેલ, વાલજીભાઇ ખોના, રતીલાલ ધ્રોળ, પ્રેમચંદભાઇ, હીરાલાલભાઇ જીવાણી, કાંતીલાલભાઇ લાલકા, કીર્તીભાઇ લોડાયા, લહેરચંદભાઇ લોડાયા જોડાયા હતા.

પ્રેમચંદ એસ. મોમાયાએ સ્તવનોની રમઝટ જમાવી હતી. જિનાલયે ચૈત્યવંદન બાદ પૂજ્યગુરૂદેવે ઉપાશ્રયે પધારી સ્વમુખે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. તથા પૂ. મુનિરાજ પ્રિયકરસાગરજી મ.સા. તથા પૂ. મુનિરાજ ભાગ્યોદયસાગરજી મ.સા.એ પ્રેરણા રૂપ પ્રાસંગિક પૂરૂ પાડ્યુ હતું. નવા દીક્ષાર્થી પ્રથમ સાંયરા પધારેલ હતા. બપોરના માતુશ્રી વાલબાઇ દામજી ધ્રોળ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં પ્રેમચંદ મોમાયા, રતીલાલ ધ્રોળ, રાજેશભાઇ મોમાયા, ગીતાબેન મોમાયા, કસ્તુરીબાઇ લોડાયા તથા પૂ. મહારાજ સાહેબ સારી રંગત બનાવેલ. માગસર સુદ પૂનમ તા. ૧૦-૧૨-૨૦૧૯ના માતુશ્રી વાલબાઇ દામજી ધ્રોળ પરિવાર તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. અત્યારે સંઘો તથા મહારાજ સાહેબ સારી સંખ્યામાં આવે છે. સંઘની સાથે પ.પૂ.સા. શ્રી ચારૂપ્રસાશ્રીજી મ.સા. પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. પધારેલ.

### બહેના પ્રસ્તુત ''હાડકા દર્દ નિવારણ કેમ્પ''

હાડકાના દર્દો જેવાકે સાયટીકા, સ્પોન્ડિલાઇટીસ, ફ્રોઝન સોલ્ડર તેમજ ગુટણ, એડી, કમર, મણકાના દુઃખાવા અને સાધાંનુ પકડાઇ જવું વગેરે હઠીલા દર્દોના નિરાકરણ માટે કચ્છ મુન્દ્રાના વૈદ્ય હાશમ ખત્રીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. (૧) મલુંડ : શુક્રવાર, તા. ૧૦-૦૧-૨૦૨૦, શ્રીમતી હિનાબેન સંઘવી, ફોન : ૯૩૨૨૩ ૮૫૫૧૨. (૨) કાંદિવલી : શનીવાર, તા. ૧૧-૦૧-૨૦૨૦, કુ. સંધ્યા ગોસર, ફોન : ૭૦૪૫૪ ૬૪૫૪૧. (૩) મલાડ : રવિવાર, તા. ૧૨-૦૧-૨૦૨૦, (કેમ્પનો સમય સવારના ૯ થી ૧), શ્રીમતી મંજુલાબેન દેઢિયા, ફોન : ૯૭૬૯૪ ૦૫૦૨૩. (૪) હિંદમાતા : સોમવાર, તા. ૧૩-૦૧-૨૦૨૦ (કેમ્પનો સમય સવારના ૯ થી ૧), શ્રી રાજેશભાઈ મારૂ, ફોન : ૨૪૧૮ ૬૪૩૨. (૫) ઘાટકોપર : સોમવાર, તા. ૧૩-૦૧-૨૦૨૦ (કેમ્પનો સમય બપોરના ૩ થી ૭), શ્રી નીતિનભાઈ સાવલા, ફોન : ૯૮૯૨૪ ૭૦૧૮૦. નોંધઃ મર્યાદિત સંખ્યામાં નામ નોંધાવવાના હોવાથી ૧૧ થી ૬ ની વચ્ચે વહેલા તે પહેલાં ધોરણે ઉપરોક્ત કેન્દ્ર પર સંપર્ક કરવા વિનંતી. કેમ્પની માહિતી અને એડ્રેસ મેળવવા HASHAM KHATRI CAMP ટાઈપ કર્યા બાદ ૯૩૨૨૨૧૩૮૭૭ ઉપર વોટ્સએપ કરો. વિશેષ પૂછપરછ માટે સંપર્ક : શ્રીમતિ હિનાબેન હિતેશ સંઘવી, ફોન : ૯૩૨૨૩૮૫૫૧૨.

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.**
**તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**
**તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.**
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

### સી.ડી.ઓ. જૈન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, ગદગ

શાળાના ૧૧૫મા સ્નેહમિલનનું આયોજન તા. ૫-૧-૨૦૨૦ના ગદગ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ડૉ. હિરાચંદ દંડ અને એડ. મૃદુલા દંડ અતિથિ વિશેષ તરીકે તથા શ્રી ભૂપેન્દ્ર ખોના સત્કારમૂર્તિ તરીકે ઉપસ્થિત રહેશે.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ, ખંડવા

ખંડવા તિર્થોધ્ધારક પ.પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ સા. જયદર્શિતાશ્રીજી અને પ.પૂ. સા. હિમાન્શુશ્રીજી મ.સા. ખિરકિયાથી તા. ૩૧/૧૨/૧૯ના દિવસે ખંડવા પધારેલ. પ પૂ. મ.સા. ખંડવા જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ની ૨૦૧૪ મા પ્રતિષ્ઠા પછી પ્રથમ વાર ખંડવા પર્ધાયા. મહાજન પ્રમુખ દ્વારા ૨૦૨૧ માટે ચાતુર્માસની વિનંતિ કરવામાં આવી.

સાહેબજીએ ૨/૧/૨૦૨૦ ના દિવસે મલકાપુર તરફ વિહાર કરેલ. પ. પૂ. સા. કલ્પપૂર્ણાશ્રીજી આ. ઠા. ૩ ખંડવામાં શાતા પૂર્વક વિરાજીત છે .નિત્ય પ્રવચનનો લાભ મળી રહ્યો છે.

### માનવજ્યોત સંસ્થા - ભુજ

માતુશ્રી દેવકુંવરબેન તથા પિતા ડૉ. મેઘજી વેલજી ધરમશી હસ્તે સુપુત્રીઓ ડૉ. ઉર્વશીબેન, પ્રિયવંદાબેન, વિધાતાબેન, તક્ષશીલાબેન (ગોરખડી -તાડદેવ) મુંબઇના સહયોગથી માનવજ્યોત સંસ્થા ભુજના માર્ગદર્શન હેઠળ ૫૦ જરૂરતમંદ પરિવારોને ગરમ ધાબડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યવસ્થા પ્રબોધ મુનવર તથા કાર્યકરોએ સંભાળી હતી.

## દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ આયોજીત યુવા મિલન - ૨૦૨૦

શ્રી મુંબઇ મહાજન તથા તમામ જૈન એકમોના સંયુક્ત નેજા હેઠળ દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ દ્વારા ગોવા ખાતે તા. ૧૧-૧-૨૦૨૦ થી તા. ૧૪-૧-૨૦૨૦ સુધી યુવા મિલન-૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન ફક્ત સ્નેહમિલન પુરતું મર્યાદિત ન રહેતા જ્ઞાન અને આવડત વધારનારૂં બની રહે એ માટે કેટલાક સફળ, જ્ઞાનવાન તજજ્ઞોને ઉદ્‌બોધન માટે નિમંત્રિત કરવામાં આવ્યા છે. જેઓ મોટીવેશન, સેલ્ફ મેનેજમેન્ટ, ફાઇનાન્સીયલ પ્લાનીંગ, હેલ્થ, સોશિયલ રીસ્પોન્સીબલીટી, ટીમ બીલ્ડીંગ એક્ટીવીટી જેવી બાબતો અંગે માર્ગદર્શન આપશે.

આ યુવા મિલનમાં ક.દઓ. જ્ઞાતિના લગભગ ૪૦૦ થી વધુ આપરિણિત યુવક-યુવતીઓ ભાગ લેશે.

## નલિયાની પાણી સમસ્યા અંગે મીટીંગ

દુષ્કાળના સમયમાં નલિયામાં થતી પાણીની સમસ્યા અંગે તા. ૧૯-૧૨-૨૦૧૯ના નલિયાના રહેવાસીઓ દ્વારા મુલુંડ ખાતે મીટીંગનું આયોજન થયું હતું જેમાં ૪૫ થી વધુ ગામવાસીઓ ઉપસ્થિત હતા.

લાંબા વિચાર વિમર્શ પછી નલિયાના તળાવને સાફ કરી વધુ ઊંડુ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાશે.



**માનસી પરેશ લોડાયા**
(LVL Kanya Chhatralay)
B.Tech (Comp. & Engg.)
CGPI **7.78**


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

# અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ

તા. ૨૫-૧-૨૦૨૦ના રોજ વિદ્યાર્થી સંઘની એન્યુઅલ જનરલ મીટીંગ ૨૦૧૮-૨૦૧૯ ઘાટકોપર ખાતે રાખવામાં આવેલ છે. વધુ વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.

## શ્રી બચુભાઇ રાંભીયાનું સન્માન



અમદાવાદ શાહીબાગ કચ્છી ભવનમાં ગૌ સેવક ગીતાબેન રાંભીયા ચૅરીટેબલ ટ્રસ્ટના ચેરમેન બચુભાઇ રાંભીયા ને એમના સેવા કાર્ય બદલ 'લવ ફોર કાઉં ફાઉન્ડેશન'ના ટ્રસ્ટી રિદ્ધિશ જાગીરદાર સાથે જયાબેન રમેશ જાગીરદારે સ્મૃતિ ચિન્હ અર્પણ કર્યું હતું.

## કે.ડી.ઓ. સ્પોર્ટસ એકેડમી -ડોંબીવલી



તા. ૨૨-૧૨-૨૦૧૯ના ડોંબીવલીમાં કે.ડી.ઓ. સ્પોર્ટસ અકેડમીનો પ્રોગ્રામ ટીક-એનું-વીન સંપન્ન થયો તેના વિજેતા શ્રી નેમીન ચંદ્રેશ દંડ (મુલુંડ) થયા. હરીફાઈમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સૌને સર્ટીફીકેટ તથા ઇનામ અમીત દંડ દ્વારા અપાયા.

## કલર પાનાંની મેટરો

પ્રકાશ-સમીક્ષાના કલર પાનાં ૪ના ગુણાંકમાં છપાતા હોવાથી અમને ૪,૮,૧૨,૧૬, જેવી પૂરેપૂરી સંખ્યામાં મેટરો મળી હશે તેટલી જ જાહેરાતો પ્રગટ કરવાનું અમારા માટે શક્ય બને છે. પ્રિટીંગ માટે પાનાની ગોઠવણ કરવાની હોઇ પાનાના ક્રમ માટે આગ્રહ ન રાખવા વિનમ્ર વિનંતી.

## ભુલ સુધાર

પ્રકાશ સમીક્ષા અંક ૧૦ માં છપાયેલ પ્રવિણ લોડાયા, વડોદરાના ''આ અબ લૌટ ચલેં'' લેખમાં મહિલા પ્રમુખ ૪ લખવામાં આવ્યા છે. તેમાં શરતચૂકથી મોટી સિંધોડી મહાજનના પ્રમુખ શ્રીમતી હર્ષાબેન ઉદયન લોડાયાનું નામ લખવાનું રહી ગયું હતું. એટલે જ્ઞાતિમાં ૫ મહાજનોના પ્રમુખ મહિલાઓ છે. સ્થાનિક રહેવાસીનું નામ મહેન્દ્ર રતનશી મોમાયાના બદલે મહેશ રતનશી મોમાયા વાંચવું.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિતેશ ભરત મેઘજી લોડાયા**<br>(PS 2241) ગામ - રવા | ૪ બી/૧૨૦૩, પંચરત્ન કો.હા.સો., દામોદર પાર્ક, એલ.બી.એસ. રોડ,<br>ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો.: 098199 34612 |
| **મનીષ હીરજી વાલજી લાલકા**<br>(PS 269) ગામ - સુજાપુર | ૧૬૦૨, ૧૬મે માળે, આઈલેન્ડ સિટી સેન્ટર-૨, જી. ડી. આંબેકર માર્ગ,<br>દાદર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૧૪. મો.: 098197 12290 |
| **કિનાંત મણીકાંત વેલજી દંડ**<br>(PS 2632) ગામ - બાયઠ | ફ્લેટ નં. ૧, એ-૩૭, સોમેશ્વરા સોસાયટી, એમ. જી. કોમ્પ્લેક્સ,<br>સેક્ટર-૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૩. મો.: 099206 96668 |
| **રાજેશ ગુલાબચંદ લખમશી નાગડા**<br>(PS 4358) ગામ - નલિયા | બી-૩૦૫, સુમતીનાથ કોમ્પ્લેક્સ, બાબા વાડી,<br>માંડવી - ૩૭૦ ૪૬૫. (કચ્છ) મો. : 084888 52235 |
| **નરેશ માણેકજી નેણસી ખોના**<br>(PS 5157) ગામ - કોઠારા | બી-૧૧૦૨, F રેસીડેન્સીઝ, પંચશીલ નગર, તિલક નગર,<br>ચેમ્બુર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૯. મો.: 094268 93070 |
| **અમિત વર્ધમાન પદમશી લોડાયા**<br>(PS 4055) ગામ - સાંધવ | એ-૨૦૪, સરસ્વતીધામ એપાર્ટમેન્ટ, બી.એડ. કોલેજ પાસે, ચીંચપાડા,<br>કલ્યાણ (ઈસ્ટ) - ૪૨૧ ૩૦૬. મો.: 092091 79351 / 092700 91339 |
| **મહેન્દ્ર માલશી દેવરાજ લોડાયા**<br>(PS 2882) ગામ - મોટી ખાવડી | બી-૬૦૬, વિશ્વધન કો.હા.સો., વિમલ એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે,<br>જૈન મંદિર રોડ, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.<br>મો. : 098205 11595 |
| **જેઠાલાલ ભાણજી દેવજી દંડ**<br>(PS 3125) ગામ - સાંધવ | ડી-૪૦૮, ૪થે માળે, વિઠ્ઠલ પ્લાઝા, સરોવર બાગ પાસે,<br>ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. મો.: 092207 80460 / 092267 04703 |
| **કુવરજી શીવજી પાસુભાઈ મોમાયા**<br>(PS 5424) ગામ - બારોઈ | ૨૦૩, બીજે માળે, ૧૬૭, હેમા રેસીડેન્સી, બસેશ્વર કોલોની,<br>બસવા હોસ્પીટલ પાસે, રાયચૂર-૫૮૪ ૧૦૨, KR મો.: 090369 26606 |
| **શ્રીમતી રમીલા કિશોર ગોવિંદજી નાગડા**<br>(PS 1487) ગામ - જખૌ | ૩૪૦૧, ૩૪મે માળે, પાઈનવુડ, રૂનવાલ ગ્રીન્સ, ફોર્ટીસ હોસ્પીટલની<br>બાજુમાં, મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.<br>મો. : 096195 95631 |
| **વિજય લાલજી દેવજી શાહ (ગાલા)**<br>(PS 6736) ગામ - મંજલ | સી-૧૫/૧૬, પહેલે માળે, વાસુકમલ સમૃધ્ધિ એપાર્ટમેન્ટ,<br>સર્વે નં. ૩૧૧/૧એ, ગૌરવ નગર, વિકાસ દુગ્ધ ફેડરેશનની પાસે,<br>શિવાજી નગર રોડ, જલગામ - ૪૨૫ ૦૦૧. મો.: 98222 81592 |
| **નેણશી ભારમલ રામૈયા ધરમશી**<br>(PS 788) ગામ - સાંયરા | બી-૧૦૦૪, બિલ્ડીંગ નં. ૧૨૭, જીવનદીપ કો.હા.સો., તિલક નગર,<br>રોડ નં. ૮, અપના બજારની સામે, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૮૯.<br>મો.: 099673 02083 |
| **સિધ્ધાર્થ દલીચંદ કરમચંદ મહારાજ (શિયાલ)**<br>(PS 1990) ગામ - તેરા | ૭૦૧, માઈકલ એન્કલેવ, પી. કે. રોડ, રત્ના સુપરમાર્કેટની ઉપર,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો. : 09619 173819 |
| **મધુકર ગોવિંદજી કાનજી નાગડા**<br>(PS 2687) ગામ - જખૌ | C/o. ધારિણી મધુકર શાહ, ૨૦/૬૦૧, NRI કોમ્પ્લેક્સ, ફેસ-૧,<br>સીવુડ્સ એસ્ટેટ લિ., સેક્ટર ૫૪, ૫૬, ૫૮, સીવુડ્સ,<br>નવી મુંબઈ - ૪૦૦ ૭૦૬. મો. : 093240 33013 |
| **શાંતિલાલ ગોવિંદજી દેવજી લોડાયા**<br>(PS 2470) ગામ - મોટી ખાવડી | ૨૨/૪૦૪, વિજય પાર્ક, કાસારવાડવલી, ઘોડબંદર રોડ,<br>થાણે - ૪૦૦ ૬૧૫. મો. : 096195 02884 |
| **નિતીન ધનજી વિસનજી લોડાયા**<br>(PS 1762) ગામ - મોટી સિંધોડી | ટી ૮/૨૬૦૫, પાઈનવુડ બિલ્ડીંગ, રૂનવાલ ગ્રીન્સ,<br>મુલુંડ-ગોરેગામ લીન્ક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.<br>મો. : 093237 30735 |
| **યોગેશ ઝવેરચંદ આણંદજી નાગડા**<br>(PS 975) ગામ - બાયઠ | ૫, કૈલાશ આશીષ, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : 098203 07252 |

## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૧૧-૧૯ | અમદાવાદ | ફ્રેયા, જીજ્ઞા ગૌરાંગ ચંદ્રકાંત મૈશેરી | બાંઢીયા | પુત્રી |
| ૦૫-૧૨-૧૯ | ડોમ્બીવલી | દૈવિક, રતિકા ચિંતન પ્રફુલભાઈ નાગડા | નલિયા | પુત્ર |
| ૧૦-૧૨-૧૯ | ગાંધીધામ | વ્રેહાન, કોમલ પરિન અરવિંદ લોડાયા | વારાપધર | પુત્ર |
| ૧૦-૧૨-૧૯ | હુબલી | આરોહી, ઉર્વશી બિનોય નરેન્દ્ર મોમાયા | સાંયરા | પુત્રી |
| ૧૧-૧૨-૧૯ | રાયપુર | વિહાન, કાજલ જીગર હરીશ લોડાયા | સાંયરા | પુત્ર |
| ૧૩-૧૨-૧૯ | ખીરકિયા | કાવ્યાંશ, વૈશાલી સુમીત લલિત નાગડા | લાલા | પુત્ર |
| ૧૯-૧૨-૧૯ | આદીપુર | પ્રથમ, ભાવના સાગર દિલીપ મોમાયા | સાંયરા | પુત્ર |

## સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૯ | બેંગલોર | વિરાજ પરેશ ધનજી ધરમશી | સુથરી | - |
| | કોઈમ્બતુર | તન્વી સંજય પ્રવિણકાંત મૈશેરી | જખૌ | - |
| ૦૧-૧૨-૧૯ | ડોમ્બીવલી | નીરવ પ્રફુલ હંસરાજ દંડ | મંજલ | - |
| | આંતરજાલ | કોમલ મહેશ જવેરચંદ લોડાયા | વારાપધર | - |
| ૨૧-૧૨-૧૯ | પુણે | શ્રેયાંશ જ્ઞાનેશ ચીમનલાલ ડાઘા | વરાડીયા | ૨૭ |
| | નીમચ | રચના વિપીનભાઈ ચીમનલાલ મોતા | સુથરી | ૨૪ |

## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૧૨-૧૯ | નાંદેડ | વિનય પ્રફુલ પદમશી નાગડા | તેરા | ૩૧ |
| | નાંદેડ | સ્વીટી અજીતકુમાર તિલોકચંદ કાસલીવાલ | નાંદેડ | ૩૧ |
| ૨૦-૧૨-૧૯ | ઘાટકોપર | માલવ સંગમ વાડીલાલ વોરા | ભુજ | ૨૫ |
| | ઘાટકોપર | અમીષા ભરત હંસરાજ મોમાયા | સુથરી | ૨૪ |
| ૨૦-૧૨-૧૯ | પુણે | સચિન શિવાજી દત્તાત્રય જાધવ | ઉસ્માનાબાદ | ૨૮ |
| | નાંદેડ | હેતલ ચંદ્રપાલ ચીમનલાલ નાગડા | તેરા | ૨૮ |
| ૨૨-૧૨-૧૯ | ભાંડુપ | નિશીલ રાજેશ નારાયણજી ખોના | તેરા | ૩૦ |
| | થાણે | પ્રાચી પ્રકાશ રાજગોર | ભુજપુર | ૨૫ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૧-૧૯ | આદિપુર | ઉમેદ રાજેશ સોમચંદ દંડ | તેરા | ૨૯ |
| | મુલુંડ | પ્રિયંકા દિનેશ લાલજી લોડાયા | કોઠારા | ૨૯ |
| ૦૩-૧૨-૧૯ | ડોમ્બીવલી | રાજ સુરેશ કુંવરજી ડાઘા | દલતુંગી | ૨૭ |
| | ડોમ્બીવલી | શિલ્પા શરદ સોમચંદ લોડાયા | સાંધવ | ૨૫ |
| ૦૩-૧૨-૧૯ | પુના | રોહિત કિશોર રાયમલ નાગડા | નલિયા | - |
| | શીવરી | મિતાલી ભાવેશ વિશનજી દંડ | સાંધવ | - |
| ૦૬-૧૨-૧૯ | ઘાટકોપર | ગૌરવ સતીશ કાનજી વિકમશી | સુથરી | - |
| | મસ્જીદ બંદર | જીનાલી કેતન ધનજી મોમાયા | વરાડીયા | - |
| ૧૨-૧૨-૧૯ | મુલુંડ | અક્ષય મહેશ દામજી મૈશેરી | રાપર | - |
| | મુલુંડ | હેતા પંકજ જવેરચંદ ધરમશી | કોઠારા | - |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૧-૧૯ | વિરાર | નીરવ શૈલેશ તારાચંદ ગોસર | ગોએરસમા | ૩૪ |
| | નાલાસોપારા | શાંતિ રામસમારૂ જૈસવાર | નસોપુર | ૩૩ |
| ૨૮-૧૧-૧૯ | ડોમ્બીવલી | અંકુશ ગિરીશ વીરજી દેઢિયા | મોટી વરંડી | ૨૩ |
| | ડોમ્બીવલી | રિયા રાજેશ પ્રવિણચંદ્ર મૈશેરી | મોટી સિંધોડી | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૧૨-૧૯ | ધુલિયા | હર્ષદ કેતન ઠાકરશી ગોશર | ગોએરસમા | ૨૭ |
| | ધુલિયા | કોમલ પ્રમોદ લુલા | ધુલિયા | ૨૭ |
| ૧૨-૧૨-૧૯ | ભાયંદર | સનતકુમાર કૈલાશદત્ત રમાશંકર ત્રિપાઠી | ચિત્રકુટ | - |
| | અંધેરી | ખેવના ખીરેન્દ્ર આણંદજી ખોના | જખૌ | - |
| ૨૦-૧૨-૧૯ | મેલબોર્ન | આકાશ મયૂર અનિલ (શાહ) નાગડા (ધૂમ) | નલિયા | ૨૯ |
| | મેલબોર્ન | જીગ્યા દિપક ખાબર | - | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૨-૧૯ | ખંડવા | ચંપાબેન નરશી કાનજી દંડ | લાલા | ૭૩ |
| ૨૨-૧૨-૧૯ | ખામગામ | હિરાચંદ વેલજી કુંવરજી મૈશેરી | સિંધોડી | ૬૪ |
| ૨૩-૧૨-૧૯ | ગોરેગામ | કિશોર ડુંગરશી નરશી પોલડીયા | બાયઠ | ૬૭ |
| ૨૫-૧૨-૧૯ | પૂના | લાલજી રતનશી ભારમલ મૈશેરી | જખૌ | ૯૭ |
| ૨૬-૧૨-૧૯ | ઘાટકોપર | રતિલાલ શીવજી નાગશી ખોના (રશ્મીન - કવિ) | તેરા | ૭૬ |
| ૨૭-૧૨-૧૯ | મીરા રોડ | જયશ્રી હીરાચંદ ઉમરશી મૈશેરી | મોટી સિંધોડી | ૬૮ |
| ૨૯-૧૨-૧૯ | કોઈમ્બતુર | સરોજબેન પ્રવિણ જીવરાજ લોડાયા | કોઠારા | ૭૫ |
| ૩૦-૧૨-૧૯ | મુલુંડ | રાયચંદ કુંવરજી મુલજી મોમાયા | સાંયરા | ૮૦ |
| ૩૧-૧૨-૧૯ | ડોમ્બીવલી | હિરાચંદ ઠાકરશી પોલડીયા | ડૂમરા | ૬૦ |
| ૦૧-૦૧-૨૦ | ઘાટકોપર | પ્રેમિલા ઠાકરશી મેઘજી ગોશર | બાયઠ | ૭૭ |
| ૦૨-૦૧-૨૦ | નલિયા | ભચીબાઈ પદમશી નરપાર લોડાયા | નલિયા | ૮૭ |

## વતનના વર્તમાન

### કચ્છ સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ

ભુજમાં આવેલું કચ્છ સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ કચ્છની પરંપરાગત સંસ્કૃતિ ઉપરાંત દેશની ઘણી દુર્લભ વસ્તુઓનો પરિચય કરાવે છે. કચ્છી લોકકળાના ઊંડા અભ્યાસી સ્વ. રામસિંહજી રાઠોડ દ્વારા સ્થાપિત આ મ્યુઝિયમ આપણા વતનની ગ્રામીણ જીવન પધ્ધતિ, કળા, અને ચીજ વસ્તુઓ વગેરેનો પરિચય કરાવે છે.

ફોરેસ્ટ ઑફિસર તરીકે ફરજ બજાવતાની સાથે રામસિંહજી રાઠોડે વર્ષ ૧૯૫૮માં ''કચ્છ સંસ્કૃતિ દર્શન'' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકને મુંબઇ સરકાર (એ સમયે કચ્છ મુંબઇ પ્રાંતનો ભાગ હતો) તરફથી સુવર્ણ ચંદ્રક, રણજીતરામ સુવર્ણ ચંદ્રક અને રાષ્ટ્રીય સાહિત્ય ઍકેડેમીનો એવૉર્ડ એનાયત થયા હતા. સદર મ્યુઝિયમ ૧૯૮૦માં ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનની સ્થાપના કરી તેના નેજા હેઠળ રાઠોડ સાહેબે આ મ્યુઝિયમમાં ભારત ભરમાંથી મેળવેલી અનેક દુર્લભ વસ્તુઓ પ્રદર્શિત કરી હતી.

### પેઈન્ટેડ સ્ટૉર્ક

કચ્છમાં આવી પહોંચેલા બગલાના જાત ભાઈ પેઈન્ટેડ સ્ટૉર્કના નિંગાળના તળાવ વિસ્તારમાં ૧૫૦ માળા જોવામાં આવ્યા છે. લગભગ સાડા ત્રણ ફુટ ઊંચા આ પક્ષીઓ સફેદ રંગના હોય છે પણે એમની પાંખો પર કાળા અને ગુલાબી રંગના પટ્ટા જોવા મળે છે.

### મસ્કતી લટોરો

મસ્કતી લટોરો નામનું યાયાવર પક્ષી લગભગ છ વર્ષ બાદ મુંદ્રા વિસ્તારમાં જોવાયું છે.

### હિમાલયન કસ્તુરો

વિખ્યાત પક્ષી નિરીક્ષક સલીમ અલીના પુસ્તક ''બર્ડસ ઑફ કચ્છ''માં તેમણે અંગ્રેજ ફૌજી કર્નલ બટલર દ્વારા જોવાયેલા હિમાલયન કસ્તુરો છેક ૧૮૭૫માં દેખાયું હતું એ પછી આ વરસે લગભગ ૧૪૦ થી વધુ વરસ બાદ દેખાયું હતું.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

# દસમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના...

જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨



અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

## સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)


વર્ષો વિયોગતણા વેગે વીત્યા જાય,
પણ યાદ તમારી સદા અમારા હૈયામાં ઉભરાય,
અશ્રુઓને મુસ્કુરાહટથી છુપાવીશું અમે,
પણ આપને ભુલાવી ન શકીશું અમે,
ધર્મોના કાર્યો થકી તમારૂ જીવન કર્યુ ઉજ્જ્વળ,
તમારા સિંધ્ધાતો મહીં વહે અમ જીવનની હર પળ,
રહે આપની અમી દ્રષ્ટિ અમ પર અપાર,
મીઠા આશિષ ઝંખે વહેતી અશ્રુની આ ધાર,
સુસ્મરણો તમારા બન્યા અમ જીવનનો આધાર,
સ્વીકારો અમારા વ્હાલભર્યા વંદન વારંવાર,
પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ અર્પે,
એજ અભ્યર્થના...

**હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :**

| | |
|---|---|
| પતિ | : શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : સ્વ. દેવાબાઇ ખીમજી લધાભાઇ દંડ (સેવક ભરૂડિયા) |
| માતા-પિતા | : સ્વ. ડેકાબાઇ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી) |
| પુત્ર | : સ્વ. મનોજ કુંવરજી દંડ |
| પુત્રવધુ | : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ |
| પુત્રી-જમાઇ | : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા(મોટી ખાવડી) |
| | : અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર) |
| પૌત્રી-જમાઇ | : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા) |
| પૌત્રી | : ચિ. સ્તુતી, ચિ. પલક |
| પૌત્રીજમાઇ | : ચિ. અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ) |
| દોહિત્રી-દોહિત્રા | : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ |

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ...

જન્મ
તા.૧૯.૧૧.૧૯૬૨



અરિહંતશરણ
તા.૧૦.૧.૨૦૧૯

## શ્રી મનોજ કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી,
અશ્રુ પડે છે આંખોમાંથી જોઇ તસ્વીર તમારી,
સમય વીતતો જશે પણ યાદ તમારી સદાય રહેશે,
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે
અંજલિ આપતા હૈયુ રડે છે.
સુખ-દુખ, કર્મ-ધર્મ, બધુ નિભાવ્યું વિશ્વાસથી,
આપણા સ્નેહનાસંબંધ અતૂટ રહેશે આપની સુવાસથી,
દિવસો ભલે ગયા વીતી, વીતી જશે વરસો,
કરશું યાદ તમને રોજ,
તમારી ખોટ ક્યારેય પુરાવાની નથી,
પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ અર્પે.
એજ અભ્યર્થના...

**હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :**

| | |
|---|---|
| પત્ની | : શ્રીમતી કલ્પના મનોજ કુંવરજી દંડ |
| માતા-પિતા | : સ્વ. સૌ. તારાબેન અને શ્રી કુંવરજી ખીમજી દંડ |
| સાસુ-સસરા | : સ્વ. સૌ. ધનલક્ષ્મીબેન અને |
| | : શ્રી વિશનજી ગાંગજી લાપસિયા (દલતુંગી) |
| પુત્રી-જમાઇ | : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઇ ધુલ્લા (સે. ભરૂડિયા) |
| પુત્રી | : ચિ. સ્તુતી, ચિ. પલક |
| પુત્રીજમાઇ | : ચિ. અમન ધીરેનભાઇ ગડા (સાભરાઇ) |
| બહેન-બનેવી | : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોડાયા (મોટી ખાવડી) |
| | : અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા (રંગપુર) |
| ભાણેજ-ભાણેજી | : ચિ. સૃષ્ટિ, ચિ. યતીશ, ચિ. સંયમ |

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ''શ્રધ્ધા''



(૧૯૨૨ – ૨૦૧૯)

## શ્રીમાન લાલજી રતનશી મહેશ્વરી

ગામ : જખૌ, હાલ : પુના

શુન્યમાંથી સર્જન કરી,
જીવનભર પરીશ્રમ કરી.
છેલ્લા શ્વાસ સુધી સક્રિય રહી, નશ્વર દેહનો ત્યાગ કરી,
વિદાય એવી લીધી કે, સમસ્ત સમાજ માટે એક કેડી કંડારી.
કદી વડીલ રૂપે,
કદી મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમ પર, સદાય આશિર્વાદ રૂપે,
અમારા હૃદયમાં જીવંત છે, સંસ્મરણોના સ્વરૂપે...

–: વિનમ્ર આદરાંજલિ :–

**સંજય ધરમશી**

**(માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર)**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.